काष्टना घोडानी वार्ता.

પવિત્રા નામની સોળમી પુતળી બોલે છે તે વારતા રાજા ભોજ સાંભળે છે. શ્રી ગણેશાએનમઃ શ્રી સારદાએનમઃ અથ વારતા કાષ્ટના ઘોડાની લખી છે.

ચોપાઇ—ભોજ રાજા થયો આસનનો ધણી, ત્યારે પુતળી બોલી વાણુ; સાંભળ રાજા ચતુરસુજાણુ, એ આસને વિક્રમ વિના જે ધરે પાગ. અંગે કોડીઓ થાય, વાધે રોગ કે પામે મરત; સદા પારખું છેજી તરત, હું ચેતાવું આણે દીશ; દોષ માં દેશો મારે શીશ. બેમાં ગમે તે સારૂં કરો, પાછા રહો કે પાવજ ધરો. ત્યારે ભોજ રાજાએ જોડયા હાથ, બોલ્યો તેહ સ્ત્રીની સાથ; પાએ લાગીને હું પુછું તુને; વિક્રમ પ્રાક્રમ સંભળાવો મુને. સાંભળતાં હું પાવન થાઉં, ઘેર બેઠો ગંગાજી નહાઊં. જો તેવો થાઊં તો પગ ધરૂં; નહીં તો એની પુજા કરૂં. બેઠો હુકો જોડીને હાથ, મનમાં સમરયા શ્રી અવિનાશ, રાજા ભોજ હુંકારડો દે; એ પુતળી વાત વિક્રમની કે. **દોહરો**—કહે પુતળી ભોજ સુણો, પવિત્ર વિક્રમરાય: મહિમા સુણીએ તે તણો દોહલાં દુઃખ પળાય. ગડગુમડ પીડા નહીં, નહિ દેહ વ્યાપે રોગ; અલ્પ મ્રત્યુ બેદે નહીં, નહીં પુત્ર કલત્ર વિજોગ. **ચોપાઇ**—નગર ઉજેણી માલવદેશ, રાજ્ય કરે વિક્રમ નરેશ; જેવું રાજ શ્રીરામજતણું, તેથી સુખ છે તેને ઘણું, નવાતેરી નગરી છે સાર, ઓછવ મંગળ અપરંપાર; ઘેરઘેર શીવનો પ્રસાદ, વૈશ્નવ ભકિત અતિઉલ્હાદ. ધરમવંત સહુકોની દેહ, માગ્યા તાંહાં વરસે છે મેહ; ફરે વનસ્પતિ ભાર અઢાર, કો ઉપર કો ન લાવે ખાર; અજા વાઘ સહુ એકઠાં ચરે, અઘટતું કો કોનું નવ કરે; પારકે કોએ ન તાકે ધન, અન્યા અધરમ ઉપર નહીં મન. પાપે પેટ કોએ ન ભરે, ચાડી કોએ કોની નવ કરે; અવર અન્યા નહિરે લગાર, સહુકોનો સાચો વેહેવાર. ખેડુજનને સઘળો લાગ, રાજા પામે દશમો ભાગ; સોહુ

અન્ન સહુકોને મળે, વસુધા સફળે ફળે, પ્રતિવ્રતા પાળે સહુ નાર. કો કોનો નવ લોપેકાર, સીપ્રવડ ને ક્ષીપ્રા તીર; વઇતાળ આદે વસે સહુ વીર, ચોરાશી તો વસે છે સીધ, પાસે વસે છે ત્યાં નવનીધ, શીવશંકર માહાકાળેશ્વર નામ, કરે અણચીંતવ્યાં સારે કામ, હરસીધ વસે છે ત્યાંહાં સાક્ષાત, તેની વાણી વદે વિક્ષાત, સીધવડ મોહોટો ગંભીર, રાજ્ય કરે ત્યાં વીક્રમવીર, અનેક પંડીત પુરા પ્રધાન, ગુણીજન જાચક કરે બહુ માન, દુખીઆ જન આવે છે ઘણા, રાજા કષ્ટ ભાગે તે તણા, નવ ખંડમાં ચાલી નામના, રાજા પુરેછે મન કામના, એક દિવસ વિચારયું મન, માગસર વદ ચોથનો દન, ગણપતીનું વ્રત સહુકો કરે, સંપત સારૂ વ્રત આચરે, વિક્રમસેને કરયું જે વ્રત, નોતરયા બ્રાહ્મણ સરવે તરત, કીધા લાડુ ઘ્રતજ તણા, મળ્યા બ્રાહ્મણ લાખેથી ઘણા, પોહોર રાતે કરવો પ્રસાદ, સહુકોના મનમાં હિલહાદ; ઉપર દક્ષણા સ્વછી ગાય, ધરમ કરયું ત્યાં વિક્રમરાય, વિપ્ર સહુકો ભોજન કરી, રાજાએ થાળ પુંજાની ભરી, બાવન ચંદન કૂકુમ ઘણી, ભક્તિ પુષ્પજ વિધીજ તણી, સીંદૂર અગરજા અબિલ ગુલાલ કપુર, તંબોળ મુખ ભોજન ભરપુર, કનક થાળ લીધી છે હાથ, નહીં સાથે કો સેવક સાથ, બાલચંદ્ર મુમીનું નામ, પૃથ્વીપતિ આવ્યો તે ઠામ, તે નવ જાણે બીજું કોય, તે થાનકે એક કૌતક હોય, સમીપે આવ્યું દેહેરીયું, જઇ રાજાએ કરયું હેરીયું, માંહે બેઠો દીઠો એક જન, મરવા ઉપર તેનું મન, ખડગ ઉઘાડું તેને હાથ, કરે સ્તુતિ શીવને સાથ. મસ્તક પુંજા કરે જેટલે, રાજાએ દીઠો તેટલે. હાં હાં ત્યાંહાં રાજાએ કીધ, ધશી ખડગ બાઝીને લીધ, શા માટે દેહ ત્યાગજ કરે, કાંરે વણખુટે તું મરે, આપ હાથ છેદેછે શીશ, ઘોજારા તું કરે છે રીશ, એ વાતનું કહો મુજને દુખ, ઇશ્વર તારી ભાગશે ભુખ, સત્ય વાત તું કહેજે વાણ, ઇશ્વરની છે તૂજને આણ, ત્યારે તે બોલે છે દુઃખી, શી વાત પુછો છો સુખી, દુઃખ સાંભળી શું સરશે અરથ, શું ગાંઠે બાંધવો છે ગરથ, શું ઘેર સાથે આવશે વાહાણ, શું લાખેણી લાગશે લાહાણ, જે કામે આવ્યા હોય ત્યાંહાં જાવ, હિસોછો તો કોઇક રાવ,

દિસોછો કો અદભુત રૂપ, ડાહાપણે દીસોછો ભુપ, જાણું છું દીસોછો ચોર, નીશાં તો છે અડધી ઘોર, શાહા હોય તે શીદ આવે બહાર, વિકટ ભોજન કીઆ ઠાર, તે માટે પુછે શું થશે, માહારૂં દુઃખ શું તમથી જશે, પરદુખભંજન નામ કહાવે, વિક્રમજીત તે નામે કહાવે, તે જાણું છું ઘેલા લોક, પરદુખભંજન કહે તે ફોક, જે આવે બાપડા જાચક જન, તેને શેર એક અપાવે અન્ન, તે જાચક નવખંડે ફરે, જુઠાં વખાણુ વિક્રમનાં કરે, હું તેની આશા કરતો નથી, તે તુજ આગળ શું કહું કથી. વાત કરતાં થાશે દીશ, તો તસ્કર જાણી છેદો શીશ; માટે ખડગ અમારૂં આલ, તું તારે મારગે ચાલ. દોહરો—વિક્રમ વાણી ઓચરયો સાંભળ મારાભ્રાત. તારૂં દુઃખ ભાગું અમો; સાચી કહેજો વાત. તમો નામ જેનું કહ્યું વિક્રમસેન જે રાંક, તે હું સેવક સરવે તણો ક્ષમા કરો મુજ વાંક; આ રાતે પુંજો તણો, આવ્યોછું તે કાજ; સક્ષેપે કરો વાતડી, દૂખ કરો સહુ ત્યાગ, તારૂ દુઃખ ભાગું નહીં, તો ઇશ્વર કેરી આણ, તીરથ વ્રતનું ફળ નહીં, પડીએ રણરણે ખાણુ, તે વાતે સુરજ સાખીઓ, વચમાં ઇશ્વર ઇશ. તું સાચું બોલે નહીં, તો એ સમ તાહારે શીશ, તાહારે વિપ્ર હઇડે હરખીયો, ખુલ્યું માહારૂં ભાગ્ય. વાત કહું મનડા તણી, હોલાવું મનની દાઝ. ચોપાઇ—પુછો છો તો સુણજો તમો, પુરવ દેશ વસુંછું અમો, કનોઇઆ બ્રાહ્મણની નાત, છું કૂંવારો મારી જાત, પરણવું સંપતનું કામ, નથી મારી પાસે એક દામ, અતિત એક આવ્યો મુજ ઘેર, બેઠો ત્યાં શોકાતુર ભેર. તેણે કહ્યું કાંઇ આપો અહાર, દહુ ઘણું ને લાગીવાર. મેં દુઃખ મનમાં આણ્યું ઘણું, નારી ઘેર પનોતા તણું. ત્યારે તેણે કીધી આશ, પ્રીત કરીને બેઠો મુજ પાસ, મેં તેને જમાડયું અન્ન, મુજ ઘેર રહયો બે દીન, તેના મનમાં બુદ્ધી ઘણી. પ્રદક્ષણા કીધી પૃથ્વીતણી, તેણે હઇડે હેતજ ધરી, ત્રીયા રાજની વાતજ કરી, ત્રીયા રાજ્ય છે દક્ષીણ દેશ, ત્યાંહાં નારી નવ જોબન વેશ, સ્વેતબંધ રામેશ્વર થકી, બારમલાર આવ્યો ત્યાં થકી. ત્યાં પુરૂષ બોલ્યા નવ મળે, સ્ત્રી બોલે કોઇએ નવ કળે, વળી ત્યાં કામણગારૂ

ગામ. કામરૂ લોક કહે છે તે નામ, તે દેશની કહું તે રીત, જો મુજસાથે જોડી છે પ્રીત, પુરૂષને પશુવત કરે, રાત દિવસ તે ક્રીડા કરે, કામદેવનો ત્યાંહાં પ્રતાપ, કામણગારા સહુ લોક આપ, સ્ત્રી થકી જે કરે નેહ, કામણગારી તેની દેહ, તેને તો નવ દુઝે કામ, તે તું લઈ શકે નહીં નામ, સ્ત્રીયા રાજ્ય છે ત્યાંથી દુર, સ્ત્રીને બળ છે ભરપુર. પુરૂષ વસે છે ઘણા ત્યાં, કામ વ્યાપે નહીં તેને ત્યાંહાં. માટે પુરૂષને માન નથી, ગુપ્ત વાત શું કહીએ કથી, પરમુલક પુરૂષનો વાસ, તેથી ચાલે છે ઘરવાસ, ચડે ઘોડે ધણી કામની. દુરપંથ જાએ દામની, દેખે કોય પુરૂષની જાત, ઘોડે ઘાલીને લેઇ જાય, ભક્ષ ભોજનદે રાખે પાસ, ભોગવે સુખ ત્યાંહાં ખટ માસ, વળતો સીતાનો છે શ્રાપ, ક્રોધ કરીને કહેછે આપ, રાવણ મારયો કલ્પાંતે ઘણું, તેણે હરણ કરયું મુજ તણું, માટે થાનક એ જે નર જાય, તેતો નિસ્ચે નારી થાય, લંકાગઢની શોભા છે ઘણી, ચીતાબળે છે રાવણ તણી, હનુમાન તો ત્યાંહાં રખવાળ, જેવો કરતાંત સરીખો કાળ, રાવણ હાંકી ઉઠે જેટલે, હનમાન હાક વાએ તેટલે, વીસ જોજન સુધી સાંભળે, પુરૂષ થકી પુરૂષતન ટળે, માટે ત્યાં ઝાઝી કામની, નહીં ભૂતળ એવી ભામની. પુરૂપ તણી ખોટે કરી, વીહ્વળ ઘણું સુંદરી, જેને પુરૂપ જે આવે હાથ, આનંદ કરે તેની સાથ, ખટ માસ સુધી તે આનંદ કરે, પછે કરે કામને પેટજ ભરે, નથી ધણી ધણીઆણી કોય. પુંઠે ન લે તેની કોય, તે વાતનો કોઇ નદે શ્રાપ, નથી બેસતું તેને પાપ. જેને ઘેર પુરૂપ છે બહુ, તેને ધનવંત કહે છે સહુ. રાખેછે અગોચર ઠામ, અનેક ભેદે કરેછે કામ, રાખે ગુપ્ત ન જણાવે તદા, જેમ સાંભળે નહીં હનુમાનનો શબ્દ, સાદ સાંભળે તે નારી થાય, તેને તે કામેથી જાય, એમ સાહી આણે છે જેમ પીપળ પાન, પુરૂષને ઝાઝું છે માન, તેણે મુજને એવું કહ્યું, તે મેં એક ચીતે કરી લહ્યું, વળતી પુછી છે વામે વાત, મિત્ર સાચું કહો સાક્ષાત. સરવે નારીનું એ છે એંધાણ, કોઇએ ઘેર રહે છે અભિમાન, પુરૂષ સામી કો જોતી નથી, તેવી હોયતો કોને કથી; દોહરો જોગી કહે વાડવ સુણો શું કહું વચન વિવેક, ભયો દેશ મે નીરખીયો,

દીઠી તેવી એક, હકીકત પુછી તેહની; લીધો તેહનો પાર, તે તુજ આગળ માંડી કહી, વાત કહું નીરધાર, એક દીવસ તે કામની, થઇ ઘોડે અસવાર. નીકળી પુરૂષ ખોળવા, અરણ્ય વન મોઝાર, નારી અસી આ રાજની, ઇંદુમતી છે નામ, બત્રીસ લક્ષણ વરણવું, જે તેના પરમ નીધાન, ચારે કળા અંગ લોચની, કંચન વરણી દેહ, એક સમે રામા ગઇ. સખી સંગાથે તેહ, શશી વદની વરસ સોળની. પરમ પદમની નામ, પુરૂષ દીઠો એક રણ વીશે, તે આવી તેણે હાથ, ધશીને તેણે ઝાલીઓ, ન દીઠું સકોમળ અંગ, જાવા લાગી નગ્રમાં, બેસાડી તોરંગ, તે જાતે બ્રાહ્મણ હતો, તે પોતે બોલ્યો વાણ, શા માટે લેઇ જાવછો, મુજને બ્રાહ્મણ જાણ, નથી દ્રવ્ય માહારી કને, ઘરનો છું હું રાંક, નથી અન્યાએ હું ચાલીઓ, શો છે માહારો વાંક, દુખ થયું છે માહરે, જે વેઠી છે ભુખ, વાટ જુવે છે ઘેર છોકરાં, તેનું મોટું દુઃખ, વરણવું પગે નમું. દેઊ આશીશ બહુ પેર, લાખ ટકા પામ્યા અમો, જો જાવાદયો ઘેર, ત્યારે તારૂણી બોલીયાં; જાવાદો મુજ ભરથાર, અમ્રત મેવા અતિઘણા, આભુશણ શણગાર, આણંદ કરો ખાઓ પીઓ, ભોગવો સુખવિલાસ, વીસારી મુકો છોકરાં, ને સદા રહો મુજપાસ, ત્યારે બ્રાહ્મણ કહે, ધીક ધીક તુજ અવતાર, વાટે જાતાં ઝાલીઓ, તે કરે તું ભરથાર, માનુની નામ છે તાહરૂં, એમ મળે છે અંકોર, લજ્જા લગાડે નારને, તારૂ નામ ગુમાર, પારવતિનો શ્રાપ છે, પુરવે નારી શીક્ષ, માનુની લાંહાં માગી કરી, ત્યારે હસતા ઇશ, તે શ્રાપ મિથ્યા કરી, ખોયું છે પોતાનું તોલ, મરમ વચન એવાં કહ્યાં, બ્રાહ્મણ ભડકા બોલ, માન મુકી કરગરે, નર તે નારી પાસ, મુને મુકો તમે માનુની, એ છે મોટી હાંસ.

ચોપાઈ—એવાં વચન બ્રાહ્મણના સુણી, ચડી રીસ નારીને ઘણી, ઉતારી મુક્યો તેહને, પ્રતિજ્ઞા કરી દેહને, પુરૂષ નામે અન્ન નવ જમુ, પુરૂષ સંગ વિલાસ ન રમુ; પુરૂષ વસ્તુ ધરૂ નહી અંગ, પુરૂષ પશુ દો ન કરૂ સંગ, ન જોવુ પુરૂષતણું મુખ, ઘણું પુરૂષને દેઉ દુખ, દસુ પુરૂષને ઘાણુ આપ, તે બ્રાહ્મણ તુજ મસ્તક પાપ, એમ કહીને ઘરમાં ગઇ, આપ મ-

નમાં ચીંતા થઇ, કરવા માંડી પુરૂષની ઘાત, ત્યારે તેની બોલી માત, પુ-
રૂષ સાથે કરોછો વેર, તે નહિ છાજે માહરે ઘેર, મુળ ખોટ પુરૂષની ધણી,
શેર શેડાઇ કેમ ચાલશે આપણી, માટે મનમાં તું પરહરો, રૂડો વર જોે-
ઇને વરો, તો તું મારી પુત્રી સતી, વરો મન ભાવતો પતિ, ત્યારે રાણી
એ વારયુ ઠરયુ. જ્ઞાન પોતાના મનમાં ધરયું. પડદા ચાર ધરયા છે જાંહ,
તોરણ બાંધ્યાં મેહેલજ માંહ, મેહેલ મધ્યે દિશા છે ચાર. સંપત સઘળાં
છે બાર; સાત દાસી પોતાની સાથ, ખાનપાન ને સુખ વિલાસ, ને મેહેલ
કર્યોછે ઝાકઝમાળ, કર ઝાલી બેઠી વરમાળ, તે ગામમાં ડંડેરો ફરે, તે
નારીને વર જે વરે, વણ બોલાવે મંદીરમાંરે જાય, ચાર પોહોર એમ કર-
તાં થાય, પેહેલો બાહાર જઇ ઉભો રહે, આવો બેસો કો નવ કહે, પ્રાતુ-
સ્કાળ થાય જેટલે, તે નરને ઝાલે તેટલે; વિંધે નાક તીરે કરી, શામ વદન
કરે સુંદરી, મુંજ દોરીએ બાંધે હાથ, નાથી નાકને ઘાલે નાથ, મહા માર
આપે તેહને, દેછે દુખ પુરૂષની દેહને, કાહાડી મુકે નગરની બાહાર, એવી
એક જોરાવર નાર, એમ પુરૂષને અદકુ દમે, પરણવા કારણ વય કારણ
પુરમાં ભમે. **દોહરો**—પ્રતિજ્ઞા તેને એટલી, આવ્યો પુરૂષ કો બાહાર.
રૂપરંગ જોબનવંત, ન બોલાવે તેને નાર, મનમાં તો બોલાવશે, કોણ જા-
ણે કોણ, તેહ થકી ઘેરો કરે, ને આરોપે વરમાળ, હુકમ એ રાણી તણો,
મન ગમતું તે થાય, ત્યારે પુરૂષ પરવરે, ને બીજે દેહરે જાય, બોલાવે જે
બીજી વરી. હેતે દેજો સાદ, તો તોરણ તોડી પરવરે, આણી મન હુલાશ.
એટલે ઉભા ત્યાં જઇ, સૂણુ ભોજ જે વાત, ત્યાં પુરૂષ પરવરે, બત્રીસ લ
ક્ષણા ખ્યાત, જાત ભાત કે ચાતુરી, રૂપરંગ કે વેહેવાર, વણદીઠો જાયા
વિના, જો એ બોલાવે વાર ચાર, ચોથુ તોરણ છોડતાં. મન થાય પ્રસન
ત્યારે તે નારીતણુ, નરપામે દરશન, કદાચીત એવો રહી, પીચારી તે નાર,
સાદ કોણે કરયા નથી, ગયો કોને દ્વાર, દુઃખ દીધાં કરોડને, એવી નઠેરી
નાર. સાદ કોણે કરયાં નથી. એને કોઇ ન પામ્યું પાર, તોરણ બાંધ્યુ બા
રણે, તેનાં કહુ એંધાણ. ચારે ખુણે ચાર છે, કનક પંખી સુજાણ, એકજ

પોપટ પીળાઓ, બીજી મેનાં હોય, ત્રીજી ટેલ છે ઢળકતી, ચોથો મોર મન મોય, ચાર પંખી કનકના, તોરણ ઉપર પાંખ, કાંને તો મેં સાંભળ્યા, નથી દીઠાં આંખ, તરીઆ રાજની તારૂણી, નરખી મન વિશેક, હોકાર કરીને પરવરી, એ વીનવા છે એક. **ચોપાઈ**—સુણજો વિક્રમ રાજા તમો, તે જોગીને પુછું અમો, તે દિવસનો લીધો પાર, ત્યારે અમોએ કીધો વિચાર, હવડાં વહેછે જોબન વેશ. જઇ આવુ હું દક્ષીણ દેશ, તે જોગીને વિદાય કર્યો. સ્ત્રીઆ રાજ્યમાં હું પરવર્યો. વિચાર કરૂં તો લાગે વાર, કહું સંક્ષેપે વિચાર, તેની જાત્રા જૂગતે કરી, આગળ જાવાને બુધજ ધરી, જઇ પોહોત્યો હું બારમલાર, નારી નઉતમ ઠારોઠાર, ત્યાંહાં દેખાડે બહુ હેતજ કરી, બહુ પ્રીત સ્ત્રીઓ તણી, ચરીત્રતણી બહુ રીત, મોહોવશ કીધી મારી પ્રીત, રતીભાર ટળે નહીં તેહ, સ્ત્રી સામુ જુવે નર જેહ, તે સ્ત્રી સાથે હેતજ કરે, તે દેશ દેશાવર રઝળતો ફરે, જે કો બોલાવે તે વશ થાય, અડચો, તે નર કાળ.ગ્રહમાં પડ્યો, મારૂં મનતો મેં વશ કર્યું, સેતબંધ રામેશ્વર રામ. જઇ પોહોચ્યો હું તેણે ઠામ, કોનું કહ્યું હઇડે નવ ધરશું. કાને સાંભળે તે કામની, નહી ભુતળ એવી ભામની, તેનાં લોક કરે વખાણ, મુજને વાગ્યું મોહનું બાણ, મારૂ ચીત રોમ રોમ થયો તે નારીને મંદીર ગયો, પદમનીને મળ્યાની આશ; એવો મનમાં થયો હુલાસ, ચાર સાદ દેશે કોડશું, તો તોરણ આપ હાથે છોડશું. વળતી પરણુ બાળકુમાર, ધરસૂત્ર માંડુ રૂડે ઠાર. એમ કહી રહયો એક રાત, પછે બાંધી લીધો પ્રભાત, વિંધ્યું નાક ને ઘાલી નાથ, મુંઝ દોરીએ બાંધ્યા હાથ, ભુજાવડે લોવડાવ્યું મૂખ એમ દમીને દીધુ દુખ, મુજને બહુ દીધોરે માર, એમ કરીને કાહાડયો બહાર, પીડા પામ્યો દેહજ ઘણી, વાગી હાંક હનુમાનતણી પુરૂષારથમાંથી હું ગયો, નારીવિના નપુશક થયો. ભૂંડુ મોહોડુ હું લેઇને વળ્યો, સહોદરને હું આવી મળ્યો, તેણે મુજને કીધો વાદ, વીંધ્યું દીઠું મારૂં નાક, લોક મળ્યા છે ચારે પાસ, સહુકો મળીને કીધું હાસ, ઘણેક દિવસે તું આવીઓ, સ્ત્રી આ રાજની તારૂણી લાવીઓ. બોલતણાં મેહેલે

છે ભાણુ; વણુપુરે જાએ મુજ પ્રાણુ, મારે મનમાં એહેવું ધરયું. વિક્રમસે-
નને જાણુજ કરૂ. પરદુઃખ ભંજન કહે છે નામ. મારૂં તે થકી થાએ કામ,
હું જાતો હતો ઉજેણુ ગામ, નીશાં પડી રહયો આ ઠામ, વિચાર કરયો મ-
નઅ વિષે, વિક્રમ દુખ કેમ ભાગી શકે, આપણુ માનવીનો અવતાર, નથી
સરવાનો સમાચાર. માટે તેને શીદ દુખદેઉ. તેનું પાશ્ચિત શીદ મસ્તક લેઉ,
વિક્રમતો મનાવે મંન, અનવસ્ત્ર કે આપે ધંન; માટે ત્યાંતો હું નહિં જાઉ,
શીદ તરણુથી હળવો થાઉ, એમ વિચાર્યું મનમાં ઘાણુ. દીઠું દેહેરૂ શીવજી
તણું, મુસ્તક, પુજા હેતે કરૂ, શીશ સમરપુ ને હું મરૂં, મુસ્તક પુજા કરૂ
જેટલે, હાથ તમો ઝાલ્યો તેટલે, એ ઉપજ નીપજ માહરી, તમો ગત જા-
ણી તાહરી, તમો કહો તે હું કરૂ, કહોતો જીવું કહોતો મરૂ, દોહોરો—
વિક્રમ કહે વિપ્રને સાંભળ મીત્ર સુજાણ, આપઘાત જેતૂં કરે, તો ઇશ્વર ફે-
રી આણ. તાહારૂ દુઃખતો ભાજશે. શ્રી હરીસીધ માતસત્ય વાત સાચી ક-
હું, વાણી વેદ વિખ્યાત, અસ્ત્રી આ રાજ્યની તારૂણી, લાવુ એણે ઠામ,
પાએ લગાડું તાહારે, તો વિક્રમ માહારૂં નામ. ચંદ્ર સુરજ બે સાખીઆ, રા-
મ દુવાઇ ખાઉ. આ વેળા આણી ઘડી, દક્ષીણ દીશાએ જાઉ; એક વરસ
નો વાયદો. તાહારે માહારે બોલ. પંથ વેગળો પ્રાક્રમ ઘણું. મારે કરવો
તોલ, કદાચીત કામ થશે નહિં, તો પાછો આવું આ દિશ, વળતી આપણુ
બે જણા, સાથે સમરપું શીશ. આજ સ્થાનકે તમો બેસજો, નીત્યે થઇ
એને આપ, નાસી જાઓ મોહોલ વિશે, તો શત બ્રહ્મહત્યાદિક પાપ, રા-
ખ્યો વિપ્ર તે થાનકે, પોતે પુંજા કીધ, માગી હુકમ હજુરનો, પ્રહોડો પં-
થજ લીધ. મુકી ઘર પુરને માળિયાં, મુકી સરવે રાજ; અસ્વે ચઢીને પં-
રવરયો પરદુઃખભંજન કાજ, તેડયો વઇતાળ વીરને, સમરી હરસીધ માત,
ચાલ્યો દક્ષીણ દેશમાં, લીધી માઝમ રાત, વિપ્ર વેશ આપે કરયો, પલટયું
પોતાનું રૂપ, ઓળખીતો આવી મળે, તો કોઇ ના જાણે ભુપ, ઘેર વાટ
જુવે છે ઘણી, ચીંતા મન નવ થાય, ઇષ્ટ ઉપાશીક એક છે જ્યાં કાંતો
નવ જાય આપ્યુ દેસી કરમ તણી, પરધાન કરે છે રાજ, પોતે પ્રથી ફર-

વસ્યો, પરદુખભંજન કાજ. ચોપાઇ—ચાલ્યો રાજા દક્ષીણ વાટ, નહિં મનમાં આવે ઉચાટ. મુકે ગામ એક બીજૂં લહે, નીશાં પડે ત્યાં વાસો રહે, જ્યાંહાં તીરથ આવે ત્યાંહાં નાહાય; રાજા ઉલટમાં ચાલ્યો જાય, પંથી વીચાર શું કહીએ કથી, સંક્ષેપે કહું સરવથી, સ્વેતબંધનું દરશણ કરયું, હેત આણીને હઇડે ધરયું, ગયો જ્યાંહાં છે બાર મલાર, નારી નઉતમ ઠારોઠાર, થયો આપ જોગીને રૂપ, બારે ભોગી નર અદભુત આવી સહુકો પાએ નમે, દુઃખ નવ દેને કોઇને નવ દમે, નારી શું નવજોડે નેહ, કેમ ચુકે સત્યવાદી હેહ, સહોદર પરનારી તજો, પુન્યવંત દાતા છે ઘણો. નારીનું સુણ્યું હતું નામ, ગહિપત પોત્યો તેણે ઠામ, ત્યારે વારે બીજા લોક, એ પેલા જાએ તે ફોક, કોઇ તાણું વારયું નવ કરયું, હેત ઘણું રૂદીઆમાં ધરયું, ધીરવીર મહા દ્રઢ થઇ, બેઠો તેને આસન જઇ, પ્રતિજ્ઞા પાળવા કારણે તે તોરણ દીઠું પેલે બારણે, પોપટ પંખી તે પુરણ, દીઠું નઇણે એ એંધાણ, બેઠો સ્થાનકમાં ઠરી, જાણ થયુ સઘળી સુંદરી, સાત સાહેલી સરખી નાર, સહુકો આવી રાણી પાસ, બાહાર કો આવ્યો નર રૂપ. દિસે છે કો પ્રથીનો ભૂપ, ઇંદ્ર થકી દિસે છે નવો, જાણે અરજુન બીજો હવો, વરૂણ વાયું કે અગ્નિ ધરમ, દિસે બારે એનું કરમ, કોઇ એક મહિપતિ મોટો અંશ, દીસે છે કો દેવનો વંશ, જેવો હુકમ દો કીજીએ, વચન હાથ માંથે લીજીએ, તવ રાણી બોલી તે વાર, ભલે તે આવ્યો આણે ઠાર, સારો ભૂંડો આપણે કશો, પુરૂષ સહી મારે મન વસ્યો, નવ જોવું મારે એનું મુખ, દેહ પ્રભાતે બમણું દુખ, સરવનુ નાક વિંધોછો એક, એનાં બે વિશેક વિંધો એનું રૂપ છે અતિ પ્રચંડ, એને આપો બમણો ડંડ, ચરચા જોવા સખીઓ જાય, આસન જઇને બેઠો રાય, નહિ આદર ને નહી સનમાન નહી પાણી નહી ફોફળ પાન, દોહરો—રાજા બેઠો થીર થઇ, સમરયાં હરસીધ માતા, માનવ કો પાસે નહી, તો કોશુ કીજે વાત, જુરણ લાગી જુરણ ઘણી, શી કરસી હવે પેર, વિપ્ર વાટ જુએ ત્યાંહાં, કેમ જવાસે ઘેર. પોહોર ચારમાં પારણું, હારજીતની હોડ, પ્રસન થાએ અંબીકા, તો

પોહોચે મનના કોડ, **ચોપાઇ**—સમરે આવ્યો વીર વૈતાળ, સમરતાં આ-વ્યો તતકાળ, કેમ સંભારસું મારૂં નામ, મુજ શેવક કહો કાંઇ કામ, વિક્રમ કહે છે જાણો છો તમો, વિસ્તારી શું કહીએ અમો, કાંઇ એક મન-સૂબો આપણુ કીજીએ. તો જીતી જશ આપણે લીજીએ, ઘણાં એક કીધાં મોટાં કામ, મોહું સંકટ છે આ ઠામ. કરો ઉપાય કાંઇ રૂડો આજ, જે વાતે આપણી રહે લાજ, એવો રાયે દિધો ઉપદેશ, પોપટમાં કીધો પરવેશ. કનક પોપટ જે તોરણે જડયો, વઇતાલ જઇને તેમાં અડયો, પોપટ બોલ્યો તેને ઠાર, જેમ સાંભળે પેલી નાર, રહી પટાંતરે ઘરમાંહે, આશ્ચર્ય પામી સઘળી ત્યાંહે. પોપટ બોલ્યો આણી ધીર, ભલે પધારયા વિક્રમ વીર. **દોહરો**—ભલે પધારયા રાયજી. મોટું તમ કામ, ઉજેણપતિ છો તમો, પર દુઃખ ભંજન નામ, ભાગ્ય એ ધરતી તણું, પવિત્ર કીધો આ દેશ, દેવ વંશી દિશો તમો, વિક્રમ રાજા છો નરેશ, ચકવે આણ તાહરી ફરે, પરદુખ ભંજન હાર. સ-ફળ લહેતું વારતા, જો તું કામ શુરપુર દાતાર. પંચ ડંડ જીત્યા તમો, જી-ત્યો વીર વઇતાળ, પાળો લાડ પ્રજાતણું દુઃખના આણ્યા કાળ. સવાલાખ હસ્તી તણી, ઉત્પત જેને ઘેર, તેહ પધારે સેહેજમાં, કોણુ કાજ કોણુ પેર, જેને ઘેર રહુ અમો, તે છે ચતુર સુજાણ, નારી છે તે પદમની, બોલે રૂ-ડી વાણ, તેને જાણુ થયું નથી; જે આવ્યા વીક્રમ રાય, નહિતો માન મુકી કરી. આવે તમારી પાસ, વિક્રમ કહે શુક સાંભળો, પવિત્ર તમારી જાત, રખે કોઇ આગળ કહો, આ અમારી વાત, રખે રાણી જાણતી, અ-ણુછતું નામ. પ્રભાત તેં કેમ મુજને ઓળખ્યો, કેમ જાણી મારી જાત, તું-જને કેમ વાચા થઇ, સાચી કહોને વાત. **ચોપાઇ**—પોપટ કહે સાંભળો રાજન, પવિત્ર છે જેનું નીરમળ મંન, અરૂણ ઉગ્યો કેમ છાનો રહે, તારૂં નામ નવખંડ રહે, તાહારૂ દરશન જેહને હશે, સૂકાં ઝાડ નવ પલ્લવ થશે, મુરખ જો કરશે દરશન, સારદા માં તેને પરસંન, મહિમા તારા દરશન તણો નેહ વાધે છે મુજને ઘણો, કરમ સંજોગે રેહેશે રાત, પંથ ઉઠી જાશો પ્રભાત, નઉતમ વાત કાંઇ એક કહો, મહારા સમ જો અહિંયા રહો, તમ વારતાનો નહિ ભંગ

મા લેઉં, હેતે હું હુંકારો દેઉં. ઘણુ પુન્યે પવિત્ર થાઉં, ઘેર બેઠા ગંગાજી નાહાઉં. જે કો સુણસે તાહરી વાત, પવીત્ર થાશે તેની જાત, આવ્યા છો ને પાવન કરો, જાણી રાંકને બાંહે ગ્રહો. દોહરો મહિપતિ મુખ બોલીઆ સાંભળ પંખી વાત. તુજ આગળ હેતે કરી, કહીશ હું રૂડી વાત. આ મંદીર મુરખ તણું, મુરખ કેરે ઠામ, મુાટે નહિં કરૂ વારતા, ચતુર તણું છે કામ, પ્રીત પરનારી નહીં કરૂ, નહિ એવી મુજ જાત, સાદ કરે હેતે કરી તો હું પુછું વાત, હુકમ કરે ઘરમાં થકી, જે હું સૂણું કરણ, તોહું તુજ આગળ કરૂં. વાતો કરીશ બે ત્રણ. ચોપાઇ—પંખી પ્રથવીપદ વાતો કરે, માનુની બેઠી એહી કવિત ગણે, કનક પોપટ છે આમ તણે જડ રૂપ તે કેમ બોલીઆે, ધરમ આપે કેમ તોળીઆે, વિક્રમ સેન્ય કાને સાંભળ્યો તેને કોઇ આવી મળ્યો, જેનું છે નવે ખંડે નામ, કેમ આવ્યા શાને કામ, પાશે ઉભી ત્રીશત દાસ તે આવી રાણીને પાસ, બાઇજી એશું નકરો વાદ હેતે કરીને દયો તમે સાદ, જોઇએ એ વાતનો કરે કશી, અચરત મારા મનમાં વશી, એમ વરાંતે શું થાએ તરણ, જોતો રણથી પાછો જાય. ચતુર સહુકો મન ધરે. જોઇએ એ શી વાતો કરે, એમ કહીને સહુ પાગે નમી, વાત રાણીના મનમાં ગમી, મન ભાવ આણી ઉલ્લાશ, આપે પોતે દીધો સાદ એસો રાજા ધીરજ ધરી, બોલાવ્યા બહુ હેતજ કરી. કહો વાત પોપટને સાથ તેનું શું કારણ સાક્ષાત, એહેવું કહીને નારી નમી, વિક્રમ સેન્યને વાતજ ગમી ત્યારે તોરણ એક છોડીયું; રાજાનું હઇડુ હરખીયું, જઇ બેઠા ત્યાં તોરણ તળે વીક્રમ કહે તે કોઇના કળે. દોહરો—પોપટ દે હુંકારડો, વિક્રમ કહે શુભ વાત, ઘરમાંથી સહુ સાંભળે, પેહેલી માઝમ રાત, ચીત્રામણમાં જે લખે, તે બેઠી સહુ નાર, મન છે એની વાતમાં, સહુકો હારો હાર. ચોપાઇ—વિક્રમ મન મુકીને આથ, બોલ્યો પોપટ કેરી સાથ, કોરલ પાટણ કુંકણ દેશ; સુરસંગ રાજા નરેશ. જ્યાં કુંકણનો તે ધણી, અલખ દેશ આલખત છે ઘણી, અતી ઘોડા ઘણા ઘર સુત, નોહોતો પેટ પોતાને પુત્ર, વિત્યાં વરસ આપે પચાશ, તેને એક પુત્રની છે આશ, પંડીત તેડી દીધાં માન, પોથી છોડાવીને દીધાં

દાન; પંડીત કહે જો પ્રીતજ ધરે, પચ્ચ લખ સાચી તેમાં ન કરો; પારથીવ કરતાં પાતીક જશે; તેહેને પ્રતાપે પુત્રજ થશે, વિદ્યાવાનનું વાયક ઘણું, કહ્યા થકી તે બમણું કર્યું, પ્રસન થયા જ્યવ ભોળો ઈશ, ટળી ગાળ હતી જે શીશ, ભગવાન સેવ્યાથી ભાગ્યજ ભળ્યું, વાંઝીયા મેહેણું શીરથી ટળ્યું; પુરે માસે પ્રસવ્યો પુત્ર, મુગતાહાર ઘણા ઘરસુત્ર. તરીઆ તોરણ બાંધ્યાં બાર, મંગળ ગાયે નગ્રની નાર. વેહેંચ્યાં ગોળ ધાણાને પાન; જાચીક જનને દીધાં માન; ભોજન કરાવ્યું બાધું ગામ, ઓછવ વરત્યો ઠામોઠામ. આણંદ ભેર બહુ દીન વહી ગયા. રાજકુંવર ઘેર મોટા થયા: શુકલ ચંદ્ર વાધેછે જેમ, રાજબીજ વાધેછે તેમ. ધજા અંકુશને છત્રજ ઘણા, મેહેલે પુત્ર પાસે સો ગણાં, સાત વરસનો થયો જાદરે, નીશાળે મુકયો તાહરે, ભણ્યો વિવીધ પેરનું ઘણું, બસો લેખી લાખોનાં ગણે, એક સુતાર તણો છે તન. તે સંગાથે મળિયું મન; જીવ એકને જુજવી દેહ, પ્રીત જેવી બપૈયા મેહ, એક ઘડી અળગો નવ થાય, મોટા ભાઈ મુખે કેહેવાય, રમે જમે બેશીને માંહે, કશો આંતરો રાખે નહિં સાંહે; તેને ઘેર તે પોતે જાય, જેવું હાજર તેવું ખાય; રાજકુંવરનો જે સણગાર, તે પેહેરી હીંડે સુતાર, બે જણ સાથે ઘોડે ચઢે રીસ કરે તે સાથે વઢે. ભ્રાત તાત મારે મોશાળ, સહુથી અળગો તેહનો બાગ, સહકો રીસે મનમાં ઘણું, વચન કેમ લોપે પુત્રજ તણું; રાજા આણે અદકી રીશ, જાણે એનું છેદું શીશ, તવ કુંવરે જાણી વાત, મારા મીત્રની કરશે ઘાત, પીતા આગળ પ્રતિજ્ઞા કરી, આપ અંજળી પાણીની ભરી, મારા મિત્રને મારો તમો, સત્ય એ સાથે મરશું અમો; સત્ય વચન એ સાથે મરૂં, એમ ચેતાવ્યું બાધું ગામ, મિત્ર તણું કો નવ લે નામ; એમ કરતાં થયા બહુ દીન, સુથારે વિચાર્યું મન. દોહરો—શુળી ઉપર સાથરો, શુખમ ઉપર નેહ, રાજા સાથે પ્રીતડી, જીવતણી હાણ છે તેહ; પેરે કરીને પરહરૂં, તેને કરૂં હું તાજ. માટે મારૂં વાલપણું, પાણી પેહેલી બાંધુ પાજ, એક દિવસ રંગમાં બેઠા છે એકાંત, હાસવીનોદ આનંદમાં ભીન નથી કોય

આંત. **ચોપાઈ**—સુતાર કહે સાંભળરે મીત્ર, તાહરી પુણ્ય છે પુંન્ય પવિત્ર. કાંઇ એક માગું આપો મુને, તો ખરો મિત્ર હું જાણું તને, રાજકુંવર તે બોલ્યો સાથ; આપ્યું વચન બાંધવને હાથ, જે માગો તે આપું પ્રાણ, મિથ્યા ન કરૂં તમારી વાણ; તુજ કારણ કરૂં દેહ ત્યાગ. કહેતો સોંપું કુંકણ રાજ, સુતાર તવ પગે લાગીઓ; વચન તવ તે એક માગીઓ, હવડાં હું છું જોબન વેશ; મુજને જાવા દો પરદેશ; માહારી વિદ્યા ઝાઝી ભણું, જો વચન હોએ તજ તણું, મુરખ મુજને કેહેછે નાત, કારીગરીમાં મારી જાત, હુકમ આલો તો ન્યાલજ કરયો. પરદેશ જાઉં પાધરો. બાંધી લીધો વચને કરી; ના કેહેવાણી નહિ તે ફરી. વારૂ મીત્ર વેહેલા આવજે, મારે કાજે રમત લાવજે; તુજને ઘણેરાં દેશું માન, ત્યારે ખાશું બીડાં પાન, મલ્યો મીત્ર હઇડે ઘાલીઓ, માતાની પાસે ચાલીઓ, માત તતની શીખજ લીધ, પોતે પંથ કર્યો છે સીધ, પછી પરદેશ કર્યું પરીઆણ, જાત શીરોમણી મહા શુભ જાણ, પરદેશે પરવરયો ત્યાંહે, મીઠો મેહેશાવણુ આવ્યો જ્યાંહે, વિશ્વ કરમાના વંશજ તણો. સુતાર એક કારીગર ઘણો, આપ ઉતરો તેને ઘેર; સુતારે સેવા કીધી બહુ પેર, વિદ્યા ભણવાને ત્યાં રહયો, સંવચ્છર એક વેગે ગયો, કરે તેના ઘરનુ બહુ કામ, રજીને આપે દહાડી બહુ દામ, એમ કરતાં થયાં વરસ આ ઠામ, ઘડતાં આવડયો ભારે ઘાટ, ગુરૂ પ્રત્યે કહે બહુ પેર; જારે ભાઇ તું તાહરે ઘેર; સૂતાર કહે સાંભળરે તાત, તમ આગળ સાચી કહું વાત; મારો મિત્ર રાજાનો તન; તે સાથે મળ્યું છે મન. તેણે કહ્યું બાંધવ આવજો, મારે કાજે રૂડી રમત લાવજો, તેને કાજે રમત શું લઇને જાઉં, હું જઇને ઓશીઆળો થાઉં, માત પીતા ઘેર જોશે વાટ, તે મિત્ર કરતો હશે ઉચાટ, નઉતમ રમત રમશે જાહરે, અમો દેશ જશું તાહરે. **દોહરો**—વિશ્વકરમા કરે વિનતી, જેમ પોહોંચે તાહરા કોડ. અશ્વ આપું એક કાષ્ટનો, જા ઘેર મોડામોડ, દોરી સંચે ચાલશે, જેમ કહું કોણ. પાણી પંથાથી આગળો, વારૂ પડાવી ખાણ, મુરખ કર નવ આપજો, રાખજે તાહરે હાથ, વિનય કરી સંચો

બહુ. વા તરૂ તુજ હાથ, સંચ સઘળો શીખવું; તુરંગ કેરાં કામ, પૂરવજનમ સંચે કરી, પામ્યો તો ઇનામ; સંકેલો જવ પાઢીઆં. સતર શેરનો ભાર ઉકેલીને સજ કરે, તો લાખેણો તોખાર, પવન વેગે સંચરે; જો ખેડે સુ જાણ, ભુખ્યો થઇ ભૂતળ પડે, જો આળ કરે અજાણ.

ચોપાઇ—એવી ગુરૂએ શીખજ કરી, તે સુતારે મનમાં ધરી, ગુરૂતણી ત્યાંહાં માગે શીખ, ચાલ્યો પંથ નવ આણી બીક, વાટે પંથની શી કહુ પેર, ઘણેક દિવસે આવ્યો ઘેર, સગા સંબંધી આવી મળ્યા, વિજોગ સહુ વાહાલાના ટળ્યા, માત પિતાને હરખ ઘણો, દીકો પુત્ર જે પેટજ તણો; રાજકુંવરને જાણ થયું, તેના મનનું દુઃખજ ગયું; અણવર પગે ઉઠી આવીઓ, અનેક ભેટ સામી લાવીઓ; બાંહે પસારચા બહુ હાથ. સકળ વાત કરે તે સાથ, દુઃખ સુખ હાણ વધજ તણી, કીધી વાત વિનોદની ઘણી; ભોજનમાં બેશીને જમ્યા, રાજ રમત બીજી એ રમ્યા; એમ કરતાં બે પોહોરજ થયા, રાજદ્વારે રાજા ગયા; તવ થયો જવ બીજો દિન, પધાર્યો રાજાનો તન; કહે મિત્ર ભલે આવીયા, મારે કાજે શું લાવીઆ, હુંતો વાટ દહાડી જોઊં છું. આશાએ દાહાડા ખોઊં છું. તજ્યા છે સણગારજ સોળ, તજ્યા છે મુખના તંબોળ; ઘણેક દિવસે દીઠું મુખ, સઘળી વાતની ભાગી ભુખ, શણગાર હવે સજીશું અંગ, મુખ તંબોળ ચાવીશું રંગ, મોટો બાંધવ કહુ છું તુને માટે કાંઇ એક આપો મુને; માનવીએ નવ દીઠું હોય; ઉત્તમ વસ્તુ આપોની સોય. **દોહરો**—વૈસ્વ કહે નરપત સુંણો, વસ્તુ સુલખ એક, લાવ્યોછું પરદેશથી, તે તમારે કાજ વિવેક; પર મુલક પરદેશથી, દોરી કેરા સંચ, અશ્વે જો સ્વારી કરે; તો નવ આવે ઉની આંચ. ખડતાં ઘાટ માનવ તણો, મરમ ન જાણે કોય, અશ્વ થકી તે આગળો; તે તમારે શોય, દોરી સંચારો શીખવું; તમને રૂડી પેર, ત્યાર સુધી ઘોડો કાષ્ટનો; રાખું મ્હારે ઘેર. વિદ્યા જાણતા તમને થાશેજી ખટમાસ; વળતાં તમે વાહન કરો, તો પોહોચે મનની આશ; બાકી ઘોડો કાસ્ટનો, બેસવા નહિં સમરથ; આળ અજાણ જો કરો, તો થાએ અનરથ; વૈસ્ય રહયો એવું ક-

હી, રાયને લાગી રાડ; જો રમત લાવ્યા છો તમો, તે હમને દેખાડ, દેખાડો તો મીત્રજ સહી; નહિંતો દુસ્મનજ હોય, પ્રાણ તજું હું માહરો, જેગ ન જાણે કોય. **ચોપાઇ**—વૈસ્ય કહે વાહાણે આવજો અશ્વ પાણી પંથે લાવજો; તેને અશ્વારી થાઓજી તમો તે કાષ્ટ અશ્વારી થાશું અમો; વાહાણાનો રાખ્યો વાયદો, કો આગળ નહિ કહ્યો કાયદો. હરખ ભેર શું વીતી રાત, ઉગ્યો શુર થયો પ્રભાત; દંત ધાવન હેતે શું કીધ, અમરત મેવા મુખમાં લીધ. સવાલાખ ટકાનો તુરી; એમાં મોતીની પાખર ભરી, પોશાક પહેરયો પંચ ક્રોડજ તણો; આભુષણ સંગારી ઘણો, જેવો ઘોડો શોભે વર શોહ; તેવો પોતે આપ થઇ જોય, ત્યારે બોલ્યાં માને બાપ; કાંઇ કુંવર જાંઓ કોણ અરથ. શું લેખે પાસે છે ગ્રથ; સેવક સાથે રાખો ઘણા, અંગરક્ષા પોતા દેહ તણા; સુણી વચન બોલ્યો તે તંન, રખે સાથે આવે કો જન; મારી સાથે આવે આ દિશ, શીર આગ્ના જો છેદૂ તહિં શીશ; મંદિર જાઉંછું મીત્રજ તણે, ત્યાં શું કરીએ મોટાઇ આપણે; માબાપે ઘશીઆ છે હાથ, પુત્ર પાખે થઇશું અનાથ; કોઇ એક દાહાડો લેશે પ્રાણ, તે ધરરાને લોભે થાશે હાણ; કુંવર કહ્યું ન કરે આપણું, શી શીખામણ દીજે એને ઘણું; શીખામણ નવ માને પેર, સીદ આવ્યા સુતારને ઘેર; રાજકુંવર પોતે ચાલીઓ, સુતારને મંદિર આવીઓ; કાષ્ટ ઘોડો સુતારે સજ્યો, રાજા થકી ભલેરો ભજ્યો; એક જોજન વાડી રાયજી તણી, તેહ તણી શોભા છે ઘણી; રમવાને કાજે સાંચર્યા. આપોઆપ બેહુ પરવર્યા; નથી સાથે સેવક કો રાય, એક વૈસ્યને બીજો રાય, અશ્વ જે ચાલે રાજા તણો, તે થકી કાષ્ટનો ચાલે ઘણો; જે વાડીમાં ધ્ળીજ લીધ, રમત ઘડી બે ચારજ કીધ, જવા માંડ્યું પોતાને ઘેર, ત્યારે રાજાએ વીચારી પેર, ઘોડે કાષ્ટને હું તો ચઢું, ના કહેતો એ સાથે વઢું, એમ કહી વળગતાં આડ્યો, વારતામાં તે ઉપર ચઢ્યો, ચીંતા ન કરશો મીત્રજ તમો, એ વિદ્યા શીખ્યા છું અમો. **દોહરો**—સુતાર તેને ઘોડે ચઢ્યો, ચઢ્યો કાસ્ટ તે રાય, હરખ ભેર ઉલટ ઘણો, નગર ભણી તે જાય, આવા જાવા કારણે, તાણી પકડી દોર, ચઢ્યો અશ્વ આકાશમાં, ઘણું એક દીધું જોર, ઓ ગયો ઓ જાય છે, એવું દીઠું દ્રષ્ટ, સૂતાર એવું જોઇને, પામ્યો મનમાં કષ્ટ, વિચાર કર્યો મનડા વિશે, મારો પડીઓ વાંક. મહીપત મુજને મારશે. નિરચે આડે આંક. ક્યાંહાં જાઉં ને ક્યાંહાં રહું, શી કરું હવે પેર, વિદેશી ગએ વાઇ નહી, કેમ જવાશે ઘેર, એટલે સેવક એક રાજા ત-

ણો, સેવા કારણ જાય, વેતરા ગંગા જળ તુરી. એ સંગ નવ દીઠો રાય. પકડી આણ્યો પલકમાં, બાંધ્યાં છે બળપુર. આણીને ઉભો કરયો. જ્યાં નરપત હાથ હજુર, શણગાર સરવે કુંવર તણા. તેણે પેહેરયા છે અંગ, પચાશ કરોડ એ વૈસ્ય કને, અશ્વ અનોપમ સંગ, નીશ્ચે એણે મારીઓ, રૂડો રાજકુમાર, દ્રવ્ય દેખી મનડું ચળ્યું, નીચ જાત શુમાર, કેહે ભાઇ તેં ક્યાંહાં મુકીઓ, આ ઘોડાનો અસવાર, ક્યાં ગયો ક્યારે આવશે, સાચુ બોલ સુતાર, નગર બધું જોવા મળ્યું, ઝાઝા લોકને રંક, નીસ્ચે મારયો પાપીએ, સાચું કહે આડે અંક, ઉતર એકે નવ ઉકલે, કો નવ પામે વાત, હા ભાઇ ગે મીત્રને હાથે કીધો ઘાત, સુણતાં સહુકો કોપીઆ, ભમર ચઢાવી શીશ. સુતારને દયો શુળીએ છેદો એનું શીશ. સાચી વાત મળી નહીં, એકે ન મળ્યો મેળ, કુટુંબ સહોદર સરવનું પીલી કાહાડો તેલ. સુણતાં શે પક દોડીઆ સહુકો બેઠા જહાંય, લઇ ગયા સુતારને શુળી દાટી જ્યાંહે.

ચોપાઇ—વાત કહે ઉજ્જેણનો ધણી, પોપટને નીંદ્રા આવી અતિઘણી; હોંકારો નવ દીધો મુખ, તવ રાજાને લાગ્યું દુ:ખ; દેવી ગાળ તે હુંકારડે, ફરી વાત તે હુંકારડે, ત્યારે પોપટ બોલ્યો તાણ સુણો રાજ વીક્રમ સુજાણ, શુક એણીપેરે બોલ્યો સોય; એક પોહોર વારો મારો હોય; મેંના હુંકારો દેશે વળી. મારા મનની ભરાંતજ ટળી. હવે નહીં બોલુ માહારાજ. સુજ સરખુ કાંઇ કહેજો કાજ, એટલે વાતતો પુરી થઇ; વૈતાળ અડગો મેંનામાં જઇ; મેંના આકાર સોના પુતળી, સજીવન થઇ તે સહુકો કળી. વીક્રમ રાય તે સુતા ત્યાંહાં વિચાર કરવા માંડયો ઘર માંહા; તે કુંવર ગયો ક્યાંહાં હશે, સુતારની હવે શી ગત થશે; ત્યારે મેંના બોલી બોલ એ વાતનો ભારે તોલ; હુકમ દયો હુંકારો દેઉં; બધી વાતનો પડદો લેઉં. તે રાયને દયો બહું માન. દાસી સાથે મોકલ્યો પાન; તે વાત સહુકોને ગમી, દાસી જઇ રાણીને નમી. આ વાતતો પુરી થાય, આપે એના ઘરમાં જાય. અચરત પામ્યો છે ઇચ્છા ઘણી, વદે એમ ઉજ્જેણી ધણી. સાહેલીએ માંડયો જે સાદ, હશી રાણીએ દીધો સાદ. આવો મહિપતિ વાતજ કરે, સુખે તોરણ છો રહયો. હેતે સાદ કીધો જાહરે, તોરણ તોડી નાંખ્યું તાહરે, રાજા બેઠા મંડપ હેઠ, સરવે જણ સાંભળે નેટ, મેનાં બોલી હેતે વળી, હવે ચીંતા માહારી ટળી. તમો આવે કાંઇ રૂડુ થશે; મહા દુખીઆના દુ:ખજ જશે. અવાચકને વાચા થાય, રોગી જનનો રોગજ જાય. નીરધન તે પામે બહુ ધન, જે વાંઝણી સ્ત્રી પામે તન. જડ રૂપ તે ચૈતન થાય, એવો છે

તાહરો મહીમાય. રાંક રાણીને બાંહે ગ્રહો, વાત અધુરી પુરી કરો. એવા છો દુઃખભંજન આપ, હું બોલું તે તુંજ પ્રતાપ. એ રાણી મુરખ છે માહરી એ શી વાત જાણે તાહરી. મેંના મહીપત વાતો કરે, બીજા સહુ સાંભળવા રહે, વખાણ કરે હુંકારો દે, વારતા રાજા વિક્રમ કહે. સુતારને ત્યાં કરજો શાહ. મેલાપ રાણી કુંવરના થાય. રાણી કુંવર માહરો હોય, પણ કદાચીત કામની થાય તો વિદેશે નાશીને જાય. જેને હુંકારો છે ઘણું, કહો ભાઈ વિતગ તમ તણું, તમો મિત્ર તે કયાંહાં ગયો, કહો તમારો વિજોગ કયાં થયો, તુજ પાસે ઘોડો શણગાર, કયાં મુક્યો તેં રાજકુમાર; સાચું બોલોએ સુજાણ, અસત્ય બોલે તો રસ્ઝાન. આણ. સુતાર કહે સાંભળજો તમો. અસત્ય વાત નહીં બોલું અમો; હું વિદેશથી આપે આવિયો. કાષ્ટતણો ઘોડો લાવીયો. દોરી સચો બાંધી કરી. પવન વેગ ચાલે તુરી; અશ્વ મે એને દેખાડીઓ. વાડીમાં રમવાને ગયા. એકાંતમાં અમો બેઉ થયા. મુજને સોંપ્યા સરવ શણગાર. અરસપરસ થયા અસવાર અજાણથી ચંપાવ્યો પાગ. ખેંચીને પકડી તેની બાગ. હું તે વેળા હતો પાસ. અસવતો ઉડયો આકાશ, પાર તેનો કાંઇ જાણતો નથી, અજાણે વાત કેમ કહું કથી. મેંતો કહયા શું સાચા બોલ, ન્યાય અન્યાય સહુ કરજો તોલ. સરવે માન્યું આડે આંક. એ ગરીબ તણો શો વાંક. અરજ રાજા આગળ કરી. શોંપ્યા શણગારને સોંપ્યા તુરી, નથી ભાગ્યું તાહારૂં ઘરસુત્ર. જીવતો છે ત્યાંહાં તારો પુત્ર, થોડે દિવસે તમને મળે, વિજોગ તમારા મનના ટળે. ધીરજ દીધી સહુને ત્યાંહાં વાહસ્ય રહયો કાળાઅલમાંહાય. એ વાતતો અહીંયાંથી રહી, રાજકુંવરની શો ગત થઇ, કનકપુર પાટણ છે ગામ, કનકસેન રાજાનું નામ. મોટા ભોગી સમરથી ધણી, દેશ અધિપત આપે છે ઘણી. સત્રળી સમરથી પોતાને ઘેર. પ્રજાને પાળે બહુ પેર. તેને નગર સીમાડે આવ્યો, એટલે ઘોડો હેઠળ પડયો. ભૂખ, તરશ તડકા ઉચાટ, ગયો મહીના પંદરનો વાટ. ત્યાંહાં તડકોને ભુંડી ભૂખ થયો દામણો વેઠી દુખ. સંચે કરી ચલાવે તૂરી. દેશી દશા જુવે છે ફરી. સમીપે દીઠું સુંદર ગામ. પોતે પંથી ગયો તે ઠામ. શીમાડે વાડીનું વન. નીરખી હરખ્યું તેનું મન. શોડય વાળીને સુતો ત્યાંહાં. થયો જ્યારે ભર નીદ્રામાંહ. ઘટીકા સાત તો જત થઇ. ફુલ વીણવાને માલણ ગઇ. એકમાં તે ગઇ જાહરે. પોઢોડયો પુરૂષ દીઠો તાહરે. તાણી સોડયને નીરખ્યું મુખ. દીઠો સુંદર પ્રાગી સુખ. બત્રીસ લક્ષણ ચતુરસુજાણ. રાજવંશી આકાર એંધાણ. નથી પેટ માલણને પુત્ર. ને ભોગવનારો ઘરસુત્ર. હઠીલો તવ જા-

ગ્યો વીર. શીતળ લાવી પાયું નીર. કોણ દેશ તણાછો ધણી. કોહો અહીં-આં વીગત તમતણી, શા કામે આવ્યાછો પરદેશ. કયાંહાં કરવો પ્રીત્યે પ-રવેશ. મારા સમ જો સાચુ કહો. જો ગમેતો અહીંઆં રહો. ત્યારે બોલ્યો પંથી મુખ. તમ દીઠે મુજને થયું, દુઃખનો મારયો આવ્યો આંહે. રેહેવું તાહારા મંદીર માંહે. હેત પ્રીતને ઉલટ ભેર. તેડી ગઇ પોતાને ઘેર. કંથ આગળ કહ્યું સરવે સુત્ર. ઇશ્વરે આપ્યો છે પુત્ર. રાજદ્વારે રંગે રમે. ભોજન મનમાં ભાવ્યાં જમે. અંગે આપ ધરે શણગાર. દ્રવ્ય આપણે અપરંપાર. ઠરી કુંવર તે ઠામ રહયો. માસ એક એમ કરતાં થયો. **દોહરો**—એક દિવસ તે માલણે, ગુંથ્યો પુષ્પનો હાર. બીજી ગુંથાવી કંચકી, લઇ જવા રાજદરબાર. તે દહાડે હેતે કરી. પુત્રને લીધો હાથ. રાજદવારે તે ગઇ, પુ-ત્રને લેઇ સાથ. ત્યાં બેઠો તો પોળીઓ. ઉભો રાખ્યો ત્યાંય. રાજા પાસે કયાં જાઓછો, રાજા છે દરબારજ માંય. **ચોપાઇ**—માલણ કહે એ મારો તન. રાજદરબાર જોવાનું મન. તે માટે તેડી જાઉંછું, આપ્યું લુણ તેનું ખાઉંછું. કહે પોળિયો ઘેલી છે તું. એને તો નહિ જાવા દેઊં હું. નહિ અમે જાણ્યો તમારો વંશ. રાજબીજ દેવતાનો અંશ. ઇંદુમતિ જે રૂપ નિધાન. કુંવરીને માબાપનું માન. તેહેના મેહેલમાં તેડી જાય. શું હાકેમ ઘેલા થાય. જોજો ધરની જાણે પેર. પુત્રને મોકલો પાછો ઘેર. પુત્ર વળ્યો પોતાને આ-વાસ. માલણ ગઇ પદમણી પાસ. આપી છાબને પાછી વળી. ભ્રાંત આપ રૂદેથી ટળી. પ્રતીહારે જે કહ્યાં વચન. મહિપતને દુઃખ લાગ્યું મન. એક-વાર જઇ તેને જોઉં. મારા મનનો સંદેહ ખોઉં. એમ વિચારે આપે મન. ઉદેકાળ થયો તે દિન. માતા આપણી વિધા કરૂં. ચોળી પુષ્પની હું ભરૂં. શીખીએ તો આગળ આવે અરથ. જે થકી કમાઇએ ગરથ. વારૂં વીર તે સુખે કરો. અંગ પ્રમાણે ચોળી ભરો.

દોહરો—વિણી કળીઓ ફુલની. ચોળી કીધી અંગ. સવાલાખની મુ-દ્રિકા શીવી તેને સંગ. ભરી છાબ તે હેતશું, કોઇએ ન જાણે વાત. ચાલી તે દરબારમાં, માલણ તેની માત. તતક્ષણ આપીને વળી, આવી પોતાને ઘેર. ચોળી પેહેરી પદમણી. શી કહું તેની પેર. ડાબા અંગની ઉપરે. ચો-ળી વીંટીનો અંક. સંભાલ્યું તે સુંદરી. જોયું લાખેણું લંક, વિંટી દીઠી હેમની, સવાલાખનું નંગ. ઉજાસ થયો અંધારડે, તેવું થયું અંગ. લીધી હા-થમાં હેતશું. એવી વસ્તુ અમુલ્ય. ક્યાંથી લાવી માલણી, શોધ કરે સમ તુલ્ય. **ચોપાઇ**—બીજે દિવસ થયો જાહરે, દરબાર માલણ ગઇ તાહરે. કું-

વરીએ બહુ કરી રીસ. શબળ આંખ ચઢાવી શીશ. કાલે લાવી ચોળી માહરી. કોણ ગુંથનારી છે તાહરી, સત્ય વાત તું કહેને મુને. અસ્ત્રી હત્યાનું પાપજ તૂને. ત્યારે જોડયા માલણે હાથ. બોલી ઇંદુમતિની સાથ. કાસો ઘેલો મારો તન, ચોળી ગુંથ્યાનું તેનું મન. તેણે તો ગુંથી છે કાલ. બાળક તે શું જાણે ચાલ. જેવી તેવી શીવી હોય આક. ક્ષમા કરો તે મારો વાંક. નહિ સોંપું હું તેને હાથ. સાચા સમખાઉં તમ સાથ. ત્યારે બોલી વળતી નાર, માલણ તું બોલે છે આળ. તાહારે પેટ નહિ સંતાન. પ્રગટ કહે શું આડીયાન, માલણ કહે સાંભળરે વાત. સત્ય કહું તુજને સાક્ષાત. રાજબીજ કો ભુલો પડયો. મારી વાડીમાં આવી ચડયો. દીઠું તેનું અદભુત રૂપ. કોઇ એક નગ્ર તણો છે ભુપ લક્ષણ જોઇ રાખ્યોછે અમો પુત્ર પેટનો પ્રીછો તમો. ત્યારે હરખી તે સુજાણ. તેને વાગ્યું મોહનું બાણ. તે રાજકુંવરને હું વરૂં. નહિંતો હું કુંવારી મરૂં. એ પુરૂષની જોઉં જાત. મોટા તાતનો નાનો ભ્રાત. એવું વિચારી રૂદીઆ વિશે. છાની એક ચીઠી તે લખે. વાળ્યો લાડવો ગોળજ તણો, ભારે મુલ દીઠો અતિ ઘણો, ચીઠી ઘાલી તેની સાથ. આપ્યો લાડવો માલણને હાથ. આપજો તમો સુતના હાથમાં, સમ દેઉં તારા સાથમાં. તારા સુતને ન આપે હાથ. તો તુજને બ્રહ્મહત્યાનું પાપ. તવ માલણી રળીઆતજ થઈ. લાડવો લઇ સુત પાસે ગઇ. ઇંદુમતિએ આપ્યો મુને. હુંતે ખાવા આપ્યો તુને. ચેત્યો ચતુર ઉપન્યા બહુ કોડ, વાંચી ચીઠી લાગી હોડ, એ લાડુમાં છે બહુ પેર. રીઝે અમરીત ને ખીજે ઝેર. એકાંતે. લાડવો લઇ જાઉં. અકસ્માત તે હું નહિ ખાઉં, પોતે જઇ બેઠો એકાંત. લાડુ દીઠો ભાગી ભ્રાંત, ભાગ્યો ને ચીઠી નીસરી. વાંચી મનની બરાંતજ ટળી. સ્વસ્તશ્રી રાજાજી છત્ર, વાંચી જોજો મેં લખ્યું પત્ર, ભલે આવ્યા તમો મારે ગામ. લખીતંગ ઇંદુમતી નામ. નથી દીઠું મેં તારૂંરૂપ કોઇ એક નગરી તણો છે ભૂપ. કહોને કોડે કહાં આવીઆં, કીધી પરીક્ષા મન ભાવીઆ. ચોળી નીરખી મેં પરમાણ, મુદ્રીકા મેં જોઇ સુજાણ. સંક્ષેપે લખ્યું છે સેહેલ, જે તે પ્રકારે આવજો મેહેલ. ચોકી બારણે નરપત્ય તણી, ત્યાં અબળા છે અતી ઘણી, પછવાડે બારી છે એક. તે જોબન છે ઘણી વીશેક. બેસે માંખતો લપશી જાય, ઉંચી આકાશ પ્રમાણે થાય. અંત્રીક્ષ જે ઉડે આકાશ. તે આવે અમારી પાસ. તુજ દીઠે અમો ભોજન કરૂં. આવે નહીતો નીશ્ચે મરૂં, અમો મન પ્રતિજ્ઞા કરી. આજ અમો તો તુજને વરી. અરધી રાત સમે આવજો. પરણ્યાની સામગરી લાવજો, સં-

ક્ષેપે કહ્યું કરજોડ. વાંચી જોજો મેં લખ્યા કોડ. વાંચી કાગળ વીશામણુ કુંવરી, હીંમત આપ રૂદેમાં ધરી, કાયર નહીં હું ક્ષત્રી જાત. નહિ જાઊં તો એશી પાપ. ઓરચાં વસ્ત્ર જોઇએ એવડી, એમ કરતાં તો નીશા પડી. નીત્ય વાડીએ રહેતોતો તાત. તે દહાડે પુતરે કીધી વાત. આજ વાડીએ વાસો જશું, રૂડાં તે વનફળ ખાઇશું. માત પીતાને ઉલટજ થયો. સુત શીક્ષા માગીને ગયો. જુવંતીતો જુવે છે વાટ, ચતુર નહિ આવ્યો શા માટ. પોતાની હતી એક દાસ. તે વેળા બીજું નહિ પાસ, કાષ્ટ ઘોડે થયો અસ્વાર, ગયો માળીએ રાજકુમાર, પરસ્પરે દ્રસ્ટ એકજ મળી, સંતાપ શોક રૂદેથી ટળી. પાએ લાગી કીધા સનમાન. હાજર કીધાં ફોફળ પાન; શુધ સીધાં સજ કરો, ગાંધર્વ વીવાહ કરીને વરો, પરણ્યા મુજને આણી પ્રીત, પુરાણુ શાસ્ત્ર તણી જે રીત, સંક્ષેપે કહ્યું છું સાર, વિસ્તારું તો લાગે વાર, બેહુના મનની પોહોતી રળી, દૂધમાં જેમ સાકર ભળી. ચતુરાઇ તણી કહી બહુ વાત, રંગભેર વીતી રાત, અરધી નીશાએ આવજો. પાન ફુલ રૂડાં લાવજો વારૂ કહીને કુંવરજ વળ્યો, માત પીતાને જઇને મળ્યો, નીત્ય પ્રકારે કરે એ કામ. કોઇ લઇ શકે નહી નામ, કોઇ નવ પ્રીછે ચોકીદાર; ઘરમાંથી નવ જાણે દાસ, એને ઘેર નવ જાણે વાત, રંગે રમે તે માઝમ રાત, સંવત્સર એક ક્ષણમાં જાય, કૌતક એક અતિશે થાય, રહ્યો ગરભ નારીને પેટ. દીન દીન પ્રત્યે વાધે છે નેટ, ચીંતા એ બેને અતિ ઘણી, શું વિચાર કરશો આપણે. હજી સુધી બાળાપણ વેશ, એક વાત નવ જાએ પેશ. એમ કરતાં થયા નવ માશ, ચીંતા સહુ રાણીને દાસ.

દોહરો—એક દિવસ તે નારીએ. વીનવીઓ સુજાણ; પ્રીત પરવારી આપણે; હવે તજું હું પ્રાણ, મેહેણું માથે લાગીયું; હવે જીવું તે ફોક; રાજા રીશ કરશે ઘણી. મેહેણાં દેશે લોક. મુજને નિત્ય સંભારજો; પ્રીત તણો વેહેવાર, હવે કાલે નવ આવશો. છેલ્લો એક જુહાર. નરપત કહે નારી શુણો. આકુળ વ્યાકુળ કેમ થાવ સાથે આવો માહરી, પરદેશ તેડી જાઉં; ઉની આંચ આવે નહીં થાવ ઘોડે અસવાર; આકાશ મારગે સંચરો, આડે મારગ જાય; અરણ્ય વનમાં બે ગયાં, તે આકુળ વ્યાકુળ હોય; વીશ જોજન વસ્તી નહી, નહી સરોવર ઝાડ; ભુખ તરશ તડકો ઘણો, ભુખે ધરુજે હાડ, ભુખ લાગે તડકે તપે; થયા ખરા મધ્યાન; તે વેળા તે રાણીએ પ્રસવ્યું છે સંતાન, અસવારીથી ઉતરયાં, બેઠાં દલમાં દુઃખ, પ્રાણ કેમ રહે ધારણે, એવી ભુંડી ભુખ. **ચોપાઇ**—ત્યારે બોલ્યો રાજકુમાર, સાંભળ

તું સકુળની નાર; આ ઠેકાણે રેહેજે તમો: અગ્નિ નીર લઈ આવું અમો; આને રણમાં મૂકી સુંદરી, ગયો રાજા બેઠીને તુરી, આગળ આવ્યું વાવનું નીર, દવ બળતો તો પેલી તીર. અંત્રીક્ષે ગયો તે રાજકુમાર, ભરયું નીર નવ લાગી વાર, અગ્નિ લઇ આવ્યો જેટલે, કઉતક એક થયું તેટલે. ઘોડા ઉપર અગ્નિ ઝરી. દોરી બળી તે દેહી તણી. ટગલો થઇને પડયો તે ઠામ, વનિતા વાટ જુવેછે તાંહાં, ના આવ્યો કંથ ગાહારો શા માટ, અનેકપેરે કરે ઉચાટ, પત્ર પોહોડાડયો પેંડે પાન, નારી પોતે ચાલી રાન, એટલે આવ્યો વન શીયાળ, ખડમાંથી કાઢયું તે બાળ, ભક્ષ જાણીને લેઇ ગયો, ચારેજાણ ચોવાટે થયો. કહે વાત ઉજેણીનો ધણી: મેં નાને નીંદ્રા આવી ઘણી છાનો રહયો ત્યાં વિક્રમરાય. વૈતાળ મોર સમીપે જાય, બોલ્યો મોર સમીપે પ્રાણ, જીવત દાન અમને દીજીએ, એ વાત પુરી કીજીએ, ઘરમાંથી રાણી અકુળાય, જાણે વાત એ પુરી થાય, વિક્રમ કહે મોર મુરખ છે તું, વણ તેડે કેમ આવું હું. મુરખ તો દિસેછે ઠામ, ચતુર પુરૂષ તણું નહી કામ; વણ-તેડયો હું આવું આજ; શું અધુરૂ મારે કાજ, વેગળો કેમ હું વાતો કરૂ; મારો ઊતારા સુધી રહું.

દોહરો—માનુની માન મુકી કરી, તેનો દીધો સાદ, આવો વાત પુરી કરો, આણી મન હુલાસ, રાણીએ રાજા તેડીઓ, સુણી વાત જે કરણ, અધિપતી આવી ત્યા ચડયો, તોરણ તેડયાં તરણ, મોર મધુરૂ ઓચરે, તે નવ જાણે કોય, હેવે દે હુંકારડો, અગરીત જેવું હોય.

ચોપાઇ—સાંભળવા બેઠી સહુ નાર, માનુની બેઠી હારો હાર, મોર સાંભળો મારી વાત; તે રણમાં નહીં માનવી જાત, રાજકુંવર આસ્વેથી પડયો, મોટે મગરે તેને ગળ્યો; તે ગયો એક નગર ગાંહાંય, ઢીંમર જાર લઇ આવ્યો ત્યાંહે; કાહાડયો મગર વેગે વાહાઢીઓ, પેટથકી પુરૂષ કાહાડીયો; નગર મધે રાજકુંવર ગયો, વાહાણવટી વેહેપારી થયો; ઠરીને રહયો તે ઠાર, ગુપ્ત મધ્યે ગઇ તે નાર; તે થાનક નવ દીઠો તન, દુ:ખ પામી પોતાને મન; રડવડતી રણવગડે ગઇ, કોકીલા પુરમાં થઇ થીર રહી. તે ગામમાં ડાકેણ એક, મારે માણસ વીનાદ વિવેક; તેની દ્રષ્ટે સરવે ડરે, તેને દેખી સહુકો મરે; ગામ થકી જોજન વેગળી, કાહાડીને મુકી એકલી; તેને ઠામે નારી જઇ ચડી. તે ડાકેણને ઘેર; ક્યાં જાઓ કોણ કારણે, બેશ બાઇ મારે ઘેર; તું રખે રાખે મનમાં શોક, મુજને ડાકેણ કહે છે લોક; મારે મોહોર ઘરમાં ભક્ષ પાંચ, તુને નહી આવે ઉંની આંચ; ખાઓ પીઓ રંગે

રંગે રમો, ભોજન તો મનગમતાં જમો; વારૂ બાઇ એ રૂડીપેર, હેતે હું રહું તાહારે ઘેર: તમો ડાકેણ રહોછો આ ગામ, તે શાકેણ તે મારૂં નામ: માહારે નથી જોઇતો ગરથ, શેર અંનતણો છે અરથ; તે નારી તે સ્થાનક રહી; દુઃખ વિસારી સુખણી થઇ; હવે વનમાં પેલો બાળ. તાણીને ગયો શીયાળ; એટલે વનમાં આવ્યો વાઘ, તેણે જોયો રૂડો લાગ; જાંબુકને ઝડપે જેટલે, નાખી સુત નાઠો તેટલે; શારદુલે શીયાળજ ગ્રહ્યો, સગાં સહોદરને જઇને મળ્યો.

દોહરો—નરપતિ તે નગરતણો, ચડીયો છે શીકાર; વનમાં આવ્યો તે સમે, પુત્ર પડયો તે દ્વાર; ઉતરીઓ રંગ ભરયો. અદકુ દીઠું હેત, લઇ આવ્યો નગ્રમાં નરપતિ, સેન સરવ સમેત; માંડલ વિવિધ વગડાવિયાં, તોરણ બાંધ્યાં દ્વાર: ઓછવ મંગળ અતિઘણા, વરત્યો જય જયકાર; રાજા રીજયો અતિઘણું, પ્રભુએ આપ્યો પુત્ર; રાજ્ય ઘેર એ ભોગવે, હસ્તી ઘોડા ઘરસુત્ર. **ચોપાઇ**—તે ભુપનું ભાગ્યજ ભજ્યું, વાંઝીયા મેહેણું શીરથી ટળ્યું; મહીપતિએ સોંપ્યો મેહેલ માંહાંય, રૂડી ધાવ કીધી છે ત્યાંય; શુકલપક્ષ વાધે જેમ ચંદ્ર. રાજ્ય બીજ વાધે છે ત્યમ; રાજબીજ રાણીનો જણ્યો, ચઉદ વિદ્યા ત્યાં ઘણું ભણ્યો, પુરાણ શાસ્ત્રનો જાણે ભેદ, નીશી ચરચા જાણે બહુ વેદ; કામ શસ્ત્ર આયુદ્ધ અંગે ધરે. મારગ પુન્ય શકાર સાંચરે. ક્ષત્રિવટ રાજાનો ધરમ, તે તણો સઘળો જાણે મરમ; રૂડો શોભે રાજકુમાર, લક્ષણ પુરણ વીશને બાર.

દોહરો— વરષ પંદર પુરાં થયાં, ચીત ચતુરાઇ તરત; તે સમે તે રાયજી; નિશ્ચે પામ્યો મરત; પ્રધાન કહે પરણાવીએ, રૂડી રાજકુમાર; નકાર કયે તે રાયજી ફરી ફરી વારોવાર; એટલી વાત પૂરી કરી, સજન સહુ શનમાન; રાજ રીત તે ભોગવે, પ્રીત ધરી પ્રધાન. **ચોપાઇ**—પ્રધાન કહે પરણાવું અમો, હુકમ રાજાજી દયો તમો, રાજા કહે માં દેશો નામ; મારે નહીં પરણ્યાનું કાગ, નજરે જોઇ હું વિવાહ કરૂ, મન ગમે તેને હું વરૂ, ગુણ ચતુરાઇ જોઉં મુખ, તેને પરણું કહે ભુપ, પ્રજા પાળે છે રૂડા પેર, જા ભાઇ પોતાનો ઘેર; પેલી સ્ત્રીની શી ગત ગઇ, ડાકેણની પાસે રહી જઇ; પોતે પાસે ડાકેણ હતી, જે પાસે એ સુખણી થતી; તેનો કાળ પોહોંચ્યો છે તરત, અકસ્માત એ પામી મરત; સરવે અલખત આવી હાથ, રામાએ વિચારયું રૂદીઆ સાથ; મારી પાસે બહુછે ગરથ, મુઆ પછી શું આવશે અરથ; માટે કાંઇ એક કરૂ મારૂ નામ, જેમ જાણે મને આખું ગામ; તે-

ડયા મજુર કડીઆ સુતાર, ગાંઠે ગરથ તેને શાનીવાર; ઘરમાં તો રાખી સહુ દાસ. કરયો મોહોલ ઊંચો આકાશ. કીધાં વાડી સુંદર વન, જોતાં તરપત પામે મન; કીધાં નવાણ રૂડી વાવડી, રૂપા જોડ તણી તે ઘડી; કીધી શોભા મોહોલજ તણી, શોભા જોતાં સમાય શોક; જોવાને આવ્યા નગ્રના લોક; ડાકેણની પુત્રી શાકેણ નામ, તેણીએ જોને કીધું કામ; બન્યો મોહોલ વીવીધના રંગ, રાજદ્વાર સરખા પરસંગ; બાંધી કનક માંહે હિંડોળાખાટ, રતન જડીત જડાવી પાટ; અંગ શણગાર અમુલ્ય શોળ, મુખ ભરયાં બીડાં તંબોળ, વાજે તાળ મ્રદંગને ચંગ, થઇ રહયો ત્યાં નાટારંગ; દાશી શત એ રાણી તણી, જોતાં આંખ સહુકોની ઠરી, વિસારી મુકયું સહુ દુઃખ, થયું સઘળી વાતનું સુખ, વાધ્યું જોબન તે ભરપુર લક્ષ્મીતણું વાધ્યું છે નુર, ઇંદ્રાણી જેવી અપછરા, એમ કામ કળામાંહે મછરા, ચંપક વરણાં પેહેરયાં છે ચીર, કનક કળસ ભરાવે નીર. મોતી તોરણ લેહેકે લેહેક કસ્તુરી મુખે બહુ બેહેકે.

દોહરો—સભા ભરી સીંહાસને, બેઠો નરપતિ રાય, પંડીત પ્રધાન નાયકતણાં, બીજો સઘળો સાથ, ત્યાં તે વાત કરે સહુ, સાંભળે વાત સુજાણ. શોભા ધરે માનુની, તેના કરે વખાંણ, દ્રવ્ય હતો ડાકયણ તણો. અશંખ અલેખે જેહ. આવ્યો હાથ નારી તણે, તેમાં નહીં સંદેહ. કો કહે એ અપછરા, કો કહે નારી રાણી રૂપ, વખાણ કરે એનાં સહુ, સભા સાંભળે ભુપ, મોહ લાગ્યો મનડાવીષે, જોઉ જુવંતીની જાત. તે દહાડે તે નિસર્યો, નીશાચર એ રાત કોને વાત કરી નહી. નહિકો સેવક સાથ, રાજા પોતે નીસર્યો, ખડગ પોતાને હાથે. રૂપવંત જોબન ઘણું, પામર તણો અવતાર, બત્રીશ લક્ષણ આગળો. કરણ સરખો દાતાર, ગામથકી તે વેગળો, મોહોલ તે જોજન એક, નીશી ચરચા જોવા નારની. ધરી બુધ વીશેક. શાકણ નહી તે સુંદરી, કોઇ એક રાયની તંન. લક્ષણ જોઇ ચાતુરી હરખ્યો પોતે મંન, એંધાણ જોયા આકારશું, એકે ન મળે ખોડ, રાખું રામા રીઝશું, હોંશે હરખ્યો હોડ; ધંદ્ર આકારે સુંદરી જોયું તેનું રૂપ; પ્રાતઃસમે ગયો પુરવિશે. ભોગી નર તે ભુપ.

ચોપાઇ—હરખભેર તે રેણી ગઇ, પ્રભાત વેળા તે ત્યાંહાં થઇ; સંભારીને બેઠો રાય, જાચીક જન તે જુગતે જાય; એટલે ત્યાં આવ્યો પ્રધાન, બેસાડીને દીધાં માન; કહું વાત તે મુકી લાજ. મુજને પરણાવિએજી આજ, કન્યા તે નરખી છે જેહ; તે ઉપર અદકો છે નેહ; જાત ભાત નવ જોશો કોય, તે તો મિત્ર હમારો હોય; પુત્રી થઇ તે ડાકયણ સંગ; તે ઉપર લાગ્યું છે મન; જાણ કરાવો વેગે તમો, કન્યા વરવા જા-

ઉછું અમો; પડો વજડાવ્યો આખે ગામ, ના કહે તેને મારૂં હામ, ફરી વાત મને પુછશે જેહ; મોટો દુસ્મન મારો તેહ; મુજને ના કહેશે જે આપ, મારૂ નહિ તો બ્રહ્મહત્યાદિક પાપ; સહુકો તે સાંભળીને હશે. રૂદે બોલ રાજાને વસે; ના તેને કોણ કહી શકે, કંકોતરી પ્રધાનજ લખે, ચાતુરવંત તેડયા છે મીત. રાજા છે ઘણો પુન્ય પવિત્ર; શીખામણ દીધી છે ઘણી, તુને પરણે પૃથ્વીનો ધણી, વળી ચતુરાઇ હોએ જેહ: રાણી આગળ કહી જે તેહ. **દુહો.** વારૂ કહી વેગે ગયો. કાગળ લખાંયો ત્યાંહે; બેઠી કાગની કચેરીમાં, આપ મહેલ છે ત્યાંહે; હાથ આપી કંકોતરી, નારી વાંચે આંક; વળી ફંદ બીજો પડી, કરમતણો એ વાંક.

ચોપાઇ—જો આવે રાણીને પ્રીત, ત્યારે રાખુ રાણીની રીત; જોરાવરી તેડાવું પાશ, કરી રાખું ઘરમાની દાસ; ધન સરવે ખેંચીને લેઊં, ભંડાર સરવે લુંટીને લેઊં. કાન નાક છેદુ આકાશ, ફેરવું સરવે દેખે ગામ; રાણી જો આવે હેતમાં. સેવક થઇને રહેશુ અમો; તું કહે તે કરૂં કાજ, સોંપુ બધા નગ્રનું રાજ; ભોગવો ભોગ મન ગમતો ઘણો, રાજ સાત ચાલખત છે ઘણો; એવાં ત્યાંહાં કહયાં પ્રતિબોધ, ચડયો ઘણો રામાને કરોધ; એ કામ તે હું કેમ કરૂં, બીજો વર હું કેમ વરૂં; તે નાને તો બેસે કરમ, એતો નહીં નારીનો ધરમ; સેવક એવું સાંભળીને વલ્યો, તે આવી રાજાને મલ્યો; રાણીએ કહ્યું છે સંક્ષેપ, મારે માથે સ્વામી હશે; તે કોઇ એક દાહાડે પેદા થશે, મારો કંથ છે જોગન વેશ, રણમાં મુકી ગયો વીદેશ; વરસ સોળ થયાં જે થકી, મરણ જીવત કાંઇ જાણુતી નથી; એવો કહયો નારીએ બોલ, મોટા રાજા કરોની તોલ. **દોહરો.** રાજાએ ફરી કહાવીઉ, સંક્ષેપે સુજાણ; જો જાતે હોએ પદમણી, તો માને વાત નીરવાણ. ખરીદદાર એનો કોઇ નહીં. તે રાજાનો માલ; સઘ આવે તે સુંદરી, જેને છે બહુ વ્હાલ; રીઝું તો રાણી કરૂં, ખીજુ તો કરૂં દાસ, રૂડું જાણો તે કરો પ્રીતે આવે પાસ; સરીઅત નાનું સુંદરી પૃથ્વીપતિ તું આપ દોશ નહિ એ વાતમાં, નહિ બેશે શીર પાપ, સોળ વરસ તે વહિ ગયાં, સ્વામિ ચાલો વરત. તે ક્યાંથી હશે જીવતો, નિસ્ચે પામ્યો મરત.

ચોપાઇ—રાજાનાં વાયક કહયાં તેં લહયાં, રાણી આગળ જઇને

કહ્યાં; ધન મદ જોબન જેહ, કામ લક્ષણ સઘળાં તેહ, કામ જીત્યો કેમે નહીં જાય; કામ તો અજીત કહેવાય, નથી જીત્યો કોઇ રાજા ઇંદ્ર; નથી જીત્યો એક શીતળ ચંદ્ર; રાણી શણગાર તે તતપર થઇ, રથે બેસીને નગરમાં ગઇ, મોટાની કોણ કરે વાત, કરે નીઘા તો પામે ઘાત; તેનું પલટાયું છે મન, જેની પાસે અઢળ છે ધન, જુઠી વાત નરપત મન ધરે, તેહને સહુકો સાચું કરે, રૂડું રૂડું સહુકો કરે, રંગ મોહોલમાં રાણી રહે; શણગારે છે અતિ આવાશ, સેવા કારણ મુકી દાશ, કસ્તુરી, તણાં છાંટણાં, કનક પાટ મુક્યાં બેસણાં, વીવીધ પેરની રચના ઘણી, ચપર ખાટ છે હેમજ તણી, સગન શાસ્ત્રોને કિલટજ ઘણો, નર નારીને મળવા તણો, એમ કરતાં પડી છે રાત, સુતાં સહુકો માનવ જાત, સુંદરી શણગાર સજ્યા છે શોળ, મુખે ભર્યાં બીડાં તબોળ, કુમ કુમ તિલક કર્યાં કપાળ, પેહેર્યો મુક્તાફળનો હાર, કુસુમ શણગાર સજ્યા અતિ; સ્વરૂપ સુંદરજ થઇ, જેવી રતી. બેઠી જુવે પતીની વાટ. હેને બેઠી હિંડોળાખાટ, રંગ મોહોલમાં રાજા જાય, આભુષણ ધરીયાં છે કાય, પાન ફોફળ લીધાં ત્યાંય, રાણી હેરા મોહોલજ માંય; બંનેને મન પ્રગટ્યો કામ, રાજા જઇ પોહોંચ્યો તે ઠામ.

દોહરો—નીદ્રા આવી મોરને, રહી પાછલી રાત, વિક્રમ સેન્ય છાના રહ્યા, રહી અધુરી વાત ઘરમાંથી સહુ સાંભળે. ચચરત પામ્યો દેહ, પુત્ર ગયો મા ઉપરે એ મોટો સંદેહ, રાણી અકળાએ ઘણું, જાણે હું દેઉં સાદ, પુરી વાત હું સાંભળું, મન આણી હુલ્લાસ.

ચોપાઇ—બોલી ઢેલ આવી તેટલે, એમ વિચાર કરે જેટલે, ધન રાજા વિક્રમ ચતુર સુજાણ, મેં સાંભળીયું માહારે કાન, હરખ મુજને ઉછરંગે ઘણો. સંદેહ ભાગ્યો મનકાતણો. આઘા આવો આ સ્થાનક રહો; પુરી વાત મારા સમ જો કહો. નરપત કહે ગાંડી છે ઢેલ; વણ તેડે કેમ આવું ઘેર, તેડ્યા વિના પરમંદીર જાઉં, શાને તરણાથી હળવો થાઉં; શી ગરજ કોણ કારણે વણ તેડ્યો કેમ જાઉં બારણે. એવું કહીને બેઠો ત્યાંહાં. આકુળ આકુળ રાણી થાય જ્યાંહાં ઉપન્યો મોહ મન લાગ્યો વાદ. હેત પ્રીતનું દીધો સાદ; આવો મહિપતિ મોહોટા માહારાજ, લાખેણો દાહાડો છે

આજ; તોરણ તોડી નાખ્યાં ત્યાંહાં, ગયો રાયજી મોહોલજ માંહાં; અરસ પરસ દીધું દરશન, રાણી થઇ ઘણું પરસન, વર તે વરયો ભલો મે પેર, આવો રાજા પધારો ઘેર; શુરપૂર સતવાદી ભુપ, દેવાંશીથી અદકુરૂપ, કર જોડીને લાગુ પાય, ક્ષમા કરો મારો અન્યાય, આ કનક આસને બેસો તમો, હારી હું ને જીત્યા તમો. મુલ ખરીદી દાશી અમો. રાણીનો લોકજસ મો; હુકમ કરો હું રહુ કે જાઊં, વગર દામ મુલે વેચાઊં; તમારૂં વચન મિથ્યા નવ કરૂં, કહો એક વાર તો લખ વારજ કરૂં. પેલી વાતનો મારજ લેઉં, સામી બેઠી હુકારો દેઉં; વગરાં તો ભોજન કીજીએ; બીડાં પાન મુખમાં લીજીએ. પરણો મુજને આણી પ્રીત, ગામ ગોરજ તણી જે રીત.

દોહરા—વિક્રમ કહે વનિતા સુણો, નહીં કહુ તૂજને વાત. હુકાર કરી આપે રહી, નારી મુરખ તારી જાત, પંખી ઢેલ છેરે કનકની; જડરૂપ છે આપ, વાચા તો તેને થઇ, માતા હરસીધ પ્રતાપ, એ આગળ અમો કહુ, વાત વિવેકની ગ્નાન; તમો ઘરમાંથી સાંભળો, ધરી રહ્યાં ધ્યાન; વારતા વચ્ચે નવ બેશીએ, કહુ તુજને આગળ મરમ; વરકન્યા કુંવારડી, તે નહિં મારો ધરમ.

ચોપાઇ—પેલો જે પરણ્યો છે રાય, એ મોહોલ રાણીને જાય; નારી બેઠી જુવે છે વાટ, નવ્ય આવ્યા સ્વામી શા માટે, બેને ગન પ્રગટયો છે કામ, એટલે રાજા આવ્યો તે ઠામ, નથી સેવક સાથે કો પાસ, રાણી પાસે નથી કો દાસ; રંગે રમવાને કારણે, આવી ઉભો છે બારણે. ચોક મધ્યે બાંધી છે ગાય, એક વચ્છ ને બીજી માય, ધેનું વચ્છ બે વાતો કરે, તે તો રાજા મનમાં ધરે, અરે વચ્છ આવોજી આંહે, પાપી આવ્યો છે મોહોલજમાંહે, એ દુરટ કરશેજી ઘાત; એમ કહ્યું વચ્છ કેરી માત, ત્યારે વચ્છ કહે માતાજી સુણો; જુઠો બોલ તે શાને ભણો, એ તો છે ક્ષત્રી અવતાર. રાજબીજને રાજકુમાર; જ્યારે આપણે સંકટ પડે, ત્યારે તો એ વાહારે ચઢે; તે કેમ કરે આપણી ઘાત, ઘેલા બોલ શું બોલો માત. **દોહરો**—સુરભી કહે એ વચ્છને ભુંડો છે એ રાય, માતા પુત્ર બે પરણીઆં; એતો છે અન્યાય, પુત્ર પ્રસવ્યો જે પેટનો, ઉદર રહયો દસ માસ, તેને રાજા ભોગવે; તો પાપ

સત્યનો નાશ; કરનારો એ કામનો, થયો એ પેદા જાણુ; તે માટે વચ્છ નવ બોલશો,' આવો અમારી જોડ; તે જાણે અજાણે નહીં નીપજે, તે તો મોટી ખોડ, તે રાજાએ સાંભળ્યું; પ્રત્યક્ષ કાને વાત, ધેનું એ શું વાણી આચરે, કોણ પુત્ર કોણ માત. **ચોપાઈ**—કામાતુર હતો તેટલો તે વેળા-તો પાછો વળ્યો; આવ્યો ખરખરો મનમાં ઘણો, સંદેહ ભાગ્યો મનડાતણો; જઇ જનુની આગળ જોડયા હાથ, બોલ્યો વચન તેહેની સાથ, હું અપ-રાધી તારો રાંક; ક્ષમા કરોજી મારો વાંક, તારે મારે સગપણ કહ્યું, ચીત નવ આણે મારૂં અશુ; સાચી શીખ માને માહરી, જનેતા હું છું તાહરી, દસ માસ ઉદરમાં રહયો, મેં ઉછેરીને મોટો કર્યો, કેમ પુછવું તાહારે પ-ડયું, તેની વાતનું અચરત અડયું, દૂબણુ ન આણશો મારી માત, રાએ વિચારયું મનડા સાથ, આળ પંપાળ લાગ્યું છે ત્યાંહાં, ચીંતાતુરમાં વીતિ છે રાત, રાણીએ કહ્યું પ્રભાત, શાબાશ રાજકુંવર છે તુને, કાન વિસારી મુકી મુને, કરમાયો કુશુમનો હાર, આળે ગયો શોળે શણગાર, અનેક ઓ-ળભ કહાવ્યા છે ઘણા, હેત પ્રીત ચતુરાઇ તણા, રાજાને મન હરખજ થયો, બીજા દિવસની રાતે ગયો, પેલા દિવસની સામગ્રી જેહ, તેથી આણી ગ-મણી તેહ, જઇ ઉભો આપે બારણે, સતીને મળવા કારણે, ત્યારે બોલી ધેનું વચન; ઓરા આવો વચ્છ મારા તન, પાપી રાજા મારો અજાણ, અથડાશે, તો લેશે પ્રાણ, મુરખ કામી આંધળો હોય, જાય છે ઘણું આ-ણીને નેહ; કાને સાંભળી કાલે માય, ફરી આપ અજાણે જાય; વિશ્વાસ તેશો કામીતણો, વચે રેહશે તો દુઃખી થાશે ઘણો, પ્રત્યક્ષ વાત ગાયની સાંભળી, કામ બાણરૂપ અંગેથી ટળી, વીમાંશી વીચારે પેર. તે રાતે નો આવ્યો ઘેર, માતા આગળ જોડી હાથ, તમો સાચું બોલો મુજ સાથ, કુ-હાડી ખડગ ને કંઠે ધરૂં મરવા ઉપર પોતે મન કરયું, મારી ઉતપત કહો આ દિશ, નીકર મારૂં છેદુ શીશ, ત્યારે જનુની કહે વચન, સાંભળરે તું મારા તન, તારો પીતા શકારજ ચડયો, મહા અરણમાં તું વારે પડયો, એક દિવસ મેં ઓછંગે લીધ, હેતેશું આલીંધન દીધ; જનમ્યો તો તેને ત્યાગજ કરી, તારા સમ જે વાતજ ખરી. **દોહરો**—ત્યારે રાજા રીજીઓ, સાચી

છે એ વાત, સોળ વરસ સેજે થયાં, તો ક્યાંથી તારી માત, એટલે આવી ત્યાં સખી, તે સાહેબની દાસ, વાટ જુવે છે રાણીજી, ત્યાં પ્રીત્યે આવ્યો પાસ, રાય નહિ આવો રંગ મોહોલમાં, તો રાણી તજશે પ્રાણ, શીઘ્ર આવો તમે ત્યાંહાં, જેછો ચતુર સુજાણ, એસે પાપ શીર તાહરે સ્ત્રી હત્યા ત્યાં થાય, શીઘ્ર પધારો મહીપતા; સ્ત્રી બેઠી ખાટ, એટલે એક કૌતક થયું, અજ્યાં રાણીને રાય; ઉર ધર્યું તે તેહનું, જેમ પોતાની માય, બંધ છુટયાં કંચુકી તણા, છુટી ધારા થાન; મુખ ભીંજ્યું રાજા તણું, ઘણું થયું અપમાન, નીચું જોઇને બે રહ્યાં, નેહ ઉપન્યો મંન સંદેહ. તે સમે ત્યાં આવિઆં, પંડીત પાસે ત્યાંય; ભરી સભામાં પુછીયું, એ તે કોણ ઉતપાત; શાસ્ત્ર પુરાણે શોધીઆં, સાચી કહોને વાત, એ છે જનુની તાહરી, એમાં નહિ સંદેહ, પાનો છુટયો પદમની, સાચું કહો મુજને તેહ; સ્ત્રી હત્યા શીર તાહરે, કોઇ ન કહાડે તે વાંક; ઉતપત હોએ માહરી, કહો તે અક્ષર આંક. **ચોપાઇ**—માતા કહે સાંભળરે પુત્ર, સાચુ કહું તુજ આગળ સુત્ર; ઉદર ગરભ રહયો તે માત, અંતરીક્ષ ભરથારે લીધી વાટ. ભુલો પડ્યો તે માહા રણમાંહે, પુત્ર પ્રસવ થયો તે ત્યાંહે; અગ્નિ લેવા ગયો ભરથાર, રહી વનમાં હું આપે નાર; ભુખ તરશ અતિશે ઘણી, જોતી વાટ મારા કંથજ તણી; પગલાં પચીસ મેં જોવા ગઇ, પુત્ર વિજોગણી હુંતો થઇ. ગઈ વેગળે પંથ ઘણો, આશ્રમ રહી ડાકયણ તણો, લક્ષમી આવ્યે સઘળું સુખ, વિસારયું તે વાતનું દુઃખ; પછીનું વિત્યુ હોએ જેહ, તે તમો સર્વે જાણોછો તેહ; ત્યારે તેનો તેડયો, પ્રધાન નમી પગ દીધા સનમાંન, જે વનમાંથી આણ્યોતો તંન, તે બતાવો આણો દીન; સંદેહ આપ રૂદેથી ટળ્યો; પુત્ર જઈ માતાને મળયો, વિજોગ હતો તે ભાગી ગયો, પંડીતને પગે લાગીયો, એમ કરીને છુટે જે કહો તે કરૂં આપ; ખટ મહિના સુધી જવ અઢે, વળતું મોઢું અંન વરત કરો, કુશમ આહાર કરીજ તંન, ઘાલે તેમાં ચાર સ્નાન; ગુપ્ત દાન બ્રાહ્મણને દયો, પુન્ય ભાગ્ય ઘર બેઠા લ્યો, પાપ સઘળાં તેથી જશે, નીરમળ કાયા બેની થશે, પંડીત એવું કહીને ગયા, રાય વ્રત આચરતા થયા; ખટ માસ થયા જાહરે, સ્નાન ચાર જોઇએ તાહરે, ખ્ર-

મુલકથી આવ્યાં વાંહાંણુ, માગે રાજા તે પાસે દાણુ, પચાસ વાહાણુ તણો ત્યાં ગરથ; વેચવો હોએ જેને અરથ, વેહેપારી મળી આવીઆ. તે રાજા-ને મન ભાવિઆ.

દોહરો—દાણુ માગે છે રાયજી, દ્રવ્ય અપરંપાર; તેમાં તમને આ-પીએ, રતન અમુલખ ચાર, કેહેતાં રાજા હરખીઓ; રતન તણો છે અરથ, કિંમત મુલ કરાવીએ, આપો એટલો ગરથ; વાણોતર વાહાણુવટી તણો, જે કાંઇ એનો બાપ, રતન લઇને આવિઓ, રથે બેશીને આપ; સભા સ-હુ બેહી થઇ, દીધાં ઝાઝાં માન; અરસપરસ આપે મળે, આપ્યાં ફોફળ પાન. એક આસને બેઠા બેહુ જણા, અચરત પામ્યા મન જેહ; એક શીશ કહે એક પ્રાક્રમી, એકજ જાણે દેહ.

ચોપાઇ—છાના લોક કરે વિવાદ. કો કહે પીતાને ભ્રાત; કો કહે પી-તા એ પૂત્ર, એ વંશનું ઘર સૂત્ર; રાજકુંવર છે ચતુર સુજાણ, વાધી પ્રીત એ બે પંડ પ્રમાણ; રાજકુંવર નીરખે છે તંન, વિચાર કર્યો પોતાને મન ન હોય એ જાતે વણિકરૂપ, જાણે કો નગરીનો ભૂપ; મીત્રસ ગાથે કાધી પ્રિત, રાજ ઘરતણી જે રીત, કોહો જનમ ભો તે તમ તણી, દીસે છે ચતુગઇ ઘણી, વીગત વાત જનમની કહો, મારા સમ મુજ પાસે રહો, વાહાણુવટી કહે સાંભળ રાય, મારૂં દુઃખ કાંઇ કહ્યું નવ જાય, જાતે છું રાજાનો પુત્ર, બાળપણામાં મેહેલ્યું ઘરસુત્ર, પરમુલક જઇ પરણ્યો નાર. તે પણ પરણ્યો રાજકુમાર, કોઇ એક સ્વભાવથી નીસર્યાં, સરવે દુખ ઘરના વિસરયાં, વિસ જોજન વગડામાં અડયા, ભમતા ભમતા ભુલા પડયા; વનફળ નીર નહીં અન્ન. તે ઠેકાણે પ્રસવ્યો તન; સતી સંતાન કરી ત્યાં તાજ. ગયો અન્ન ઉદકને કાજ. અન્ન અગ્નિ લઇ આવ્યો નીર, પડયો જઇ સમુદ્રને તીર. કો-ણ જાણે જોજન કેટલા, ગયો પુર આમો તેટલા, આયુષ સમે જીવતો ર-હ્યો, વાહાણુવટી વેહેપારી થયો, કામ કરૂંછું શેઠજ તણું, કહ્યુ ભાઇ વિ-ગત અમતણું. ચેતો મનમાં રાજકુંમાર. વાત કરી બેઠા તે હાર; દેઇ દિ-લાસો ઘરમાં ગયો, માતા પાસે જઇને મળ્યો; પડદે રાખી પોતે માત, કહી ઘણી સમજાવી વાત, સભા બારી બાંધી માહરી, તેતો ચીંતા કરે તાહરી;

જે માહારા પંડીત પ્રધાન, માગુંછું તમ પાસે માન. સમજાવું માતા જાહરે, સમીપે દીઠો તાહરે; ફરી ફરી તે સામું જુવે. નરખી હરખી મનડું મોહે, પુત્ર ક્ષમા કરો મારો વાંક, સાચું કહું તુજ આગળ આંક, શીવ આગ્ના સત્ય કહુંછું આપ, સનમુખ બેઠો તારો બાપ, એ નરની નારીછું અમો, સત્ય વદૂ તે માનજો તમો. કહેતાં મુખ આવે છે લાજ, સફળ થયો જનમ જો આજ, માહારે મન ઇશ્વર છે એહ, મેં સમરપી એને દેહ.

દોહરો—વારૂ કહી નરપત પળ્યો, સાંભળો ભાઇ સુજાણ, પંડીતે તે કાંઇ દાખવો, પરમ શાસ્ત્ર પુરાણ. વિજોગ હોયે વાહાલા તણો, મળીએ કોઈ એક કાળ, તેનું તે શું પારખું, જેમ ન આવે શીર ગાળ, જળ ભરીએ થાળી વીશે, બિંદુ રૂધીરનું જેહ, તતક્ષણ પારખું જેહ, એકઠું થાએ તેહ.

ચોપાઇ—સહોદરની સાથે મળે, રૂધીર બીજાના તેથી ટળે. રૂધીર મળે જે નાંખે જાણીએ, તેમાં સંદેહ નવ આણીએ, પંડીતે વાયક જે કહ્યાં, સહુ સભાએ સાચાં લહ્યાં. માતપીતાનું એકજ થયું, બીજાનું તે અળગું રહયું, પારખું પ્રત્યક્ષ દીઠું જાહરે. પુત્ર પીતા મળે તાહરે, સજ્જન સહુકો ત્યારે મળ્યા, વિજોગ વરસ સોળના ટળ્યા, બહુ દાન દિધાં તાહરે. આપ્યાં દાન તે વાહાણે જાહરે, વળાવ્યા વાહાણવટી દઇ માન, વહેંચ્યાં ફોફળ ઉજવળ પાન, સોંપીયું પીતાને રાજ, પુત્ર થયો સેવાને કાજ, ત્રણે જણાની પોહોતી આશ, એમ કરતાં થયો એક માસ. પુત્ર પિતા તે બેઠા જ્યાંહાં, પુરવની વાત કહી છે ત્યાંહાં, મારે મિત્ર હતો સુતાર, અધિક પ્રિત તે અપરંપાર; મુજ માટે મા બાપ મારશે, સુતારવી ત્યાં શીગત થશે. પુતરે તેડયો ત્યાં પ્રધાન, સોંપ્યું રાજ દેઇને માન; અમો જાત્રા કારણ જશું, રામકુંડ નાહાવા દીલ વસ્યું. છડી અસ્વારી આપે ગયા, ઘણે દિવસે મુલકમાં ગયા, એવું ત્યાંહાં કહેવડાવ્યું મહારાજ, જાય છે ગંગા નહાવા કાજ, એ વાત એટલેથી રહી સુતારની પછી શી ગત થઈ, સુતારે માર્યો રાજપુત્ર, જા ભોગવજે તારૂં ઘર સુત્ર. માટે એને શુળીએ દેઉં, પછે પંથ અમારો લેઉં, વિચાર કર્યો એવો જેટલે, આવતાં રાણી રાજા તેટલે. આવ્યો તારો રાજકુમાર, વાધ્યો હરખ તે અપરંપાર માતા પીતા સામાં સહુ મળ્યાં રૂદે ભીં-

ફીને તે મળ્યા, વાધી પ્રીત રૂદીઆમાં બહુ, પામ્યા હરખ સહોદર સહુ. વિશ્વકરમાને તેડયો ત્યાંહાં, લક્ષ ગણો વધારયો નેહ, વિગત કેરી વાતો કરી, રહયો રાય તે સ્થાનક ઠરી, એ વાત અહીંયાંથી પુરી થઇ, વિગત વાત વિક્રમે કહી, શી આજ્ઞા આપો છો આજ, મનમાં કાંઇ નવ ધરશો લાજ.

દોહરો—નારી કહે નરપત શુંણો, મારો તો તું નાથ, રહો મંદિર માહરે, લ્યો લાખેણો લાહાવ. પ્રતિજ્ઞા છે માહરે, જે આવે આ ઠામ; મૂલ ખરીદી થઇને રહું, તેને છું હું નામ.

ચોપાઇ—સાંભળો સુંદરી મારી વાત, સાચું બોલું હું સાક્ષાત; જે બ્રાહ્મણને તે ઘાલી નાથ, મુંઝ દોરીએ બાંધ્યા હાથ. જેણે મુજને દુઃખજ કર્યું, તેથી જાણુ તો મુજને થયું. પ્રતિજ્ઞા દીધી છે તેહને, આણી આપું તેની દેહને, દુઃખભંજન કેરે કારણે. આવ્યો પુર થકી બારણે, સહી સધારો મારી સાથ, આપની છે બ્રાહ્મણને હાથ, ઉઠો વેહેલાં ખોટી થાઉં છું, મંદિર માહારે, હું જાઉંછું, સંક્ષેપે સજ્જનને મળી, બંધી સહુ મુલકની ટળી. વિક્રમસેન્યનું જાણ્યું નામ, હરખ થયો તે બાધે ગામ; હત્યા કરતી ટાળી તેહ, સહુને દુધે તરૂઠ્યા મેહ, સાસરવાસો કીધો ઘણો, સાતસેંહે સીત્તેર લાખ તણો, કરીઆં ભોજન શોડજ કરી, બેઠાં નરપતને સુંદરી, કુચ મુકામે આવ્યો ગામ, બ્રાહ્મણ બેસાડયો છે જે ઠામ, ગામ મધ્યે થયું છે જાણ, આવ્યો વિક્રમ રાય સુજાણ; શેન્યા સરવે સુંઢાડી સાથ, ફુલ મુગવાફળ દીધાં હાથ, વધાવી રાજાને મળ્યા, રૂદે શોક લોકોના ટળ્યા; ગયા રાય પોતાને ઘેર, પડપંચ રચાવ્યો રૂડી પેર. ઉપર બોલ તમારો કરો, જે ઘાઇ રહયો છે આવાર; તેને તો કરૂં ધરનાર, અસ્રીને નવ કરશો રીસ, લખી આપું છું ગામજ ત્રીસ; ખાઓ પીઓને રંગે રમો, ભોજન તે મન ગમતાં જમો, ત્યારે બ્રાહ્મણ બોલ્યો વાત, તમે કહી તે સાચી વાત, એને પરણી હું શું કરૂં, અસ્રીનો શ્રાપ શીદ મસ્તક ધરૂં, નારી કહે તમે કહ્યું તે સાર, મારે તો બ્રાહ્મણ ભરથાર; અરપ કરીને આપી હાથ, જાઉં એ બ્રાહ્મણની સાથ. દોહરો—ચિંતા ના કરશો કશી, બ્રાહ્મણ સાંભળો વાત, નારી વરત છો તમો, નપુંસક તારી જાત. ઉપાય કરૂં હુનર કરી, અને કરૂં તારૂં કામ,

કામદેવ સરખો કરૂં, તો વિક્રમ મારૂં નામ. પરણ્યો પ્રીતે પદ્મણી, લમ લેઇ નિરધાર; મોહોલે ઉતર્યાં બેહુ જણા, ભામનીને ભરથાર. મેહેલલ મહિના એકની, રહો મન આણી નેહ, કામ કરૂં નહિ તાહરૂં, તો પાડું મારી દેહ. નર નારી સંતોખીઆં, ઉતાર્યાં રાજ આવાસ; નીસાં સમે નરપત ગયો, માતાજી કેરે પાસ; માતાજીની પાસે સ્તુતી કરી તેથી માતાજી પ્રસન થઇ બ્રાહ્મણને પુરસાર્થવાળો કર્યો. પછી રાયે રૂડાં ગામ ભલાં જે સુખી. તાંબાને પતરે આંપ્યાં લખી, સુખ પામ્યાં ત્યાં નરને નાર, રંગ મોહોલ કીધો તે ઠાર, કોટી કલ્યાણ રાજાને હજો, તરૂં રાજ નવ ખંડે થજો, નીત્ય પરમારથ થાજો કામ, અવિચળ પરદુખ ભંજન નામ.

દોહરો—કહે પુતળી ભોજને, એવો થાય જે રાય, તે સિંહાસન બેસસે, પરોસો જામને પાય. ચોપ,ઈ—પાતક પાંચ જનમનાં જશે, રૂદે તેનું સકોમળ થશે, જે કો સાંભળે વિક્રમ ચરિત્ર, પાતિક જાયતે થાય પવિત્ર, નિરધન તો પામે ધર સુત્ર. વાંઝણી સ્ત્રી પામે પુત્ર; એવું સાંભળી કરશે દાન, તેને લીક્ષ્મીનું માન, ચોર અગ્નીનો ભય નહીં થાય, ડંડી શકે નહીં કો રાય, નવગ્રહ પીડા નવ કરે, ભંડાર નીર ખુટેલાં ભરે; સહુ થકી મોહોટું છે ધરમ, પુન્ય થકી નહીં મોટું કરમ, કળજુગમાં મોટી છે સાખ આપે એકને પામે લાખ. દોહરો—કવિ કહે ભાઇ સાંભળો, પુન્યજ મોહોટું હોય, જેને પુન્ય છે પ્રેમનું, તેને ગાંજી નવ શકે કોય; રાજ નગરપુર રાજમાં, રહેવું સુંદર નામ, વિશ્વેશ્વર સુત વિનવે; શામળ ભટ શુભ નામ શ્રીગોડ બ્રાહ્મણ માળવી, કવિઓ કેરો દાસ, કીરપા કીધી સરસ્વતિ, અંબા પુરે આશ, વિક્રમ ચરિત્ર શુભ વરણવ્યું, સંક્ષેપે સુજાણ, દીધી જુથ જેમ સારદા, રસના એક આપી વાણ, એવો જે દાતા થશે, કરશે શુભ પ્રાક્રમ, તે સીંહાસન બેસશે, દેવ તણો એ ઠામ, એવું કહીને પુતળી, આપે ગઇ આકાશ, એહ કથા પુરણ થઈ, કહે કવિ શામળદાસ શ્રોતા વક્તા સમજતા, કહે કવિતા કરજોડ, એકવાર સહુ બોલજો જયજય શ્રી રણછોડ ઇતિશ્રી સિંહાસન બત્રીસ મધ્યેની વારતા સોળમી કાષ્ટના ઘોડાની સંપૂર્ણ થઇ છે.

સમાપ્ત.

બીરબલ અને બાદશાહ

ની અપૂર્વ [illegible] વાર્તાઓ

ભાગ ૧–૧૨ સુધી.

[illegible]

[illegible]

પ્રકાશક,

મહાદેવ રામચંદ્ર જાગુટે. બુકસેલર.

[illegible]—અમદાવાદ